અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, મહા વદ ૮
વર્ષ : ૧૬
અંક : ૨૩૦
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

૨૭ વર્ષ બાદ દિલ્હીમાં ભાજપનું રાજ । દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ શપથ લેવડાવ્યા હતા પ્રવેશ શર્મા અને કપિલ મિશ્રા સહિત ૬ મંત્રીઓએ શપથ લીધા

# રેખા ગુપ્તાએ દિલ્હીના નવમા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

રેખા ગુપ્તાએ દિલ્હીના નવમા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ શપથ લેવડાવ્યા હતા. ભાજપ ૨૭ વર્ષ બાદ દિલ્હીમાં પરત ફર્યું છે. આ અવસરે પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક પ્રતિષ્ઠિત મહેમાનો હાજર રહ્યા હતા. રેખા ગુપ્તા દિલ્હીના ચોથા મહિલા મુખ્યમંત્રી બનશે. પ્રવેશ વર્મા સહિત છ લોકોએ મંત્રી તરીકે શપથ લીધા. આ યાદીમાં પંકજ સિંહ, આશિષ સૂદ, રવિન્દ્ર ઈન્દ્રરાજ, કપિલ મિશ્રા અને મનજિંદર સિંહ સિરસાનું નામ સામેલ છે. આજે મોડી સાંજ સુધીમાં મંત્રાલય અને તેનો ચાર્જ પણ સોંપવામાં આવી શકે છે. પંકજ સિંહ બિહારના રહેવાસી છે અને રાજપૂત ચહેરો છે. આ સિવાય રવિન્દ્ર ઈન્દ્રરાજ દલિત ચહેરો છે. ભાજપે કેબિનેટમાં તમામ વર્ગોને સ્થાન આપ્યું છે. દિલ્હીના મુખ્યમંત્રીના શપથ ગ્રહણ કાર્યક્રમમાં પીએમ મોદી સહિત ઘણા મોટા નેતાઓ હાજર રહ્યા હતા. પીએમ મોદી ઉપરાંત ગૃહમંત્રી અમિત શાહ, મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસ, આંધ્રપ્રદેશના સીએમ ચંદ્રાબાબુ નાયડુ, જેડીયુના કેન્દ્રીય મંત્રી લલન સિંહ, બિહારના ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરી પણ હાજર હતા. શપથ ગ્રહણ સમારોહ દરમિયાન NDA નેતાઓનો મેળાવડો જોવા મળ્યો હતો. રેખા ગુપ્તા દિલ્હીના નવા મુખ્યમંત્રી બનશે. તે શાલીમાર બાગ બેઠક પરથી જીતીને ધારાસભ્ય બન્યા હતા. બુધવારે ભાજપ ધારાસભ્ય દળની બેઠકમાં તેમના નામને મંજૂરી આપવામાં આવી હતી. આવતીકાલે એટલે કે શુક્રવારે તે દિલ્હીના રામલીલા મેદાનમાં મુખ્યમંત્રી પદના શપથ લેશે. રેખા ગુપ્તા વ્યવસાયે વકીલ છે. આ સિવાય તેમની ગણતરી ભાજપના અગ્રણી નેતાઓમાં થાય છે. તે દિલ્હી ભાજપના મહાસચિવ અને ભાજપના મહિલા મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પણ છે. રેખા ગુપ્તાનો જન્મ હરિયાણાના જીંદમાં થયો હતો, પરંતુ તેમણે તેમનું શિક્ષણ દિલ્હીમાં મેળવ્યું હતું.

### દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જાહેરાત કરી

## કેજરીવાલના શીશમહેલને મ્યુઝિયમ બનાવવામાં આવશે

રેખા ગુપ્તાએ આજે દિલ્હીના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. પરંતુ શપથ ગ્રહણ પહેલા જ તેમણે કહ્યું હતું કે, હું ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ભૂતપૂર્વ સત્તાવાર નિવાસસ્થાન, જેને ભાજપ સરકાર શીશમહેલ કહે છે તેને મ્યુઝિયમ બનાવવામાં આવશે. તેમજ રેખા ગુપ્તાએ વડાપ્રધાન નરેન્દ્ર દ્વારા આપવામાં આવેઆ તમામ વચનો પૂરા કરવાની ખાતરી પણ આપી હતી. મીડિયા સાથે વાત કરતા રેખા ગુપ્તાએ કહ્યું, અમે શીશમહેલને મ્યુઝિયમ બનાવીશું. તેમજ અમે વડાપ્રધાન મોદીએ કરેલા તમામ વચનો પણ પૂરા કરીશું. મને આ પદ માટે પસંદ કરવા બદલ હું તેમનો આભાર વ્યક્ત કરું છું. શીશમહેલમાં રહેવા બાબતે રેખા ગુપ્તાએ કહ્યું કે, ના, બિલકુલ નહીં. એ લોકોના મહેનતના પૈસાનો મહેલ છે. હું તેને જનતાને સમર્પિત કરીશ. લોકો ત્યાં જશે અને તે જોશે અને તેમને દરેક ક્ષણે ખ્યાલ આવશે કે તેમના નાણા ક્યાં ખર્ચ કરવામાં આવ્યા હતા. દિલ્હીના ૬ ફ્લેગસ્ટાફ રોડ સ્થિત બંગલાના રિનોવેશનને લઈને બીજેપી અરવિંદ કેજરીવાલ પર સતત પ્રહારો કરી રહી છે. ૪૦,૦૦૦ ચોરસ યાર્ડમાં ફેલાયેલો આ બંગલો વર્ષ ૨૦૧૫થી ઑક્ટોબર ૨૦૨૪ સુધી કેજરીવાલનું સત્તાવાર નિવાસસ્થાન હતું.

### જૌનપુરમાં મોટી દુર્ઘટના બની

## વારાણસીથી દર્શન કરીને પરત ફરી રહેલા ૯ શ્રદ્ધાળુના મૃત્યું

। (એજન્સી) જૌનપુર, તા.૨૦ ।

ઉત્તર પ્રદેશના જૌનપુરમાંથી એક મોટો રોડ અકસ્માત થયો હોવાનું તાજેતરમાં જાણવા મળે છે. જૌનપુર જિલ્લાના બદલાપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવતા સરોખનપુર ગામ નજીક આજે વહેલી સવારે પાંચ વાગ્યે ભીષણ દુર્ઘટના થઈ ગઈ. બે અલગ અલગ દુર્ઘટનામાં અયોધ્યા જઓઈ રહેલી ગાડીઓ દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ. તેમાં ૯ તીર્થયાત્રીઓના જીવ ગયા છે, જ્યારે ૪૦થી વધારે લોકો ઘાયલ થયા છે. સૂચના મળતા જ ડીએમ અને એસએસપી સહિત અન્ય અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં. પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, મહાકુંભ સ્નાન બાદ બે વાહન જૌનપુર રોડ પર દુર્ઘટનાનો શિકાર થઈ ગયા.

### ભારત સરકારની મોટી કાર્યવાહી

## અમેરિકા સહિતના દેશોની ૧૧૯ એપ્સને બ્લોક કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી દ્વારા ૧૧૯ મોબાઈલ એપ્સને બેન કરી દેવામાં આવી છે. આ એપ્લિકેશન્સમાં મોટાભાગની વીડિયો અને વોઈસ ચેટ એપ્લિકેશન્સ છે. હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં પ્લેટફોર્મ લુમેન ડેટાબેઝ દ્વારા ગૂગલે આ માહિતી આપી હતી. સરકાર અને અન્ય ઓર્ગેનાઈઝેશન દ્વારા કન્ટેન્ટ રીમૂવલની રીક્વેસ્ટ કરવામાં આવે તેને લુમેન ડેટાબેઝ મોનિટર કરે છે. ભારત દ્વારા બેન કરવામાં આવેલી મોટાભાગની એપ્લિકેશન્સના ડેવલપર્સ હોંગકોંગ અને ચીનના છે. સરકાર દ્વારા ભારતમાં ઉપલબ્ધ ૧૧૯ એપ્લિકેશન્સને બેન કરવામાં આવી છે.

### રાહુલ ગાંધીએ દિગ્ગજ પાર્ટીને ટોણો માર્યો

## ત્રણેય પાર્ટીઓએ એકસાથે ચૂંટણી લડી હોત તો ભાજપ ન જીત્યું હોત

। (એજન્સી) રાયબરેલી, તા.૨૦ ।

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી ગુરૂવારે (૨૦ ફેબ્રુઆરી) રાયબરેલીની બે દિવસની મુલાકાતે પહોંચ્યા છે. અહીં દલિત વિદ્યાર્થીઓ સાથે સંવાદ દરમિયાન તેમણે માયાવતીને લઈને એક મોટું નિવેદન આપ્યું છે. રાહુલ ગાંધીએ મૂળ ભારતી હોસ્ટેલમાં કહ્યું, મારો સવાલ છે કે, માયાવતી આજ સુધી કોઈ ચૂંટણી બરાબર રીતે કેમ નથી લડ્યાં? અમે ઈચ્છીએ છીએ કે તે ભાજપ ના વિરોધમાં મારી સાથે ચૂંટણી લડે. જો ત્રણેય પાર્ટી એક સાથે થઈ જાય છે તો ભાજપ ક્યારેય ચૂંટણી ન જીતી નહીં શકે. લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે, માયાવતી ભાજપની બી-ટીમ બનીને કામ કરી રહ્યાં છે.



**ન્યૂઝ બ્રિફ**

## આપઘાત કરવા જતી મહિલાને જોવાની લાહ્યમાં ૪ વાહનો અથડાયા

। (એજન્સી) ભરૂચ, તા.૨૦ ।

ભરૂચની પવિત્ર નર્મદા નદી ઉપર વાહન વ્યવહારને લઈ નર્મદા મૈયા બ્રિજનું નિર્માણ કર્યુ છે પરંતુ નર્મદા મૈયા બ્રિજ સુસાઈડ પોઈન્ટ બની ગયો હોય તેમ વધુ એક મહિલા ગત મોડી રાત્રે નદીમાં કૂદવા જતાં કાર ચાલકે જોવા માટે બ્રેક લગાવતા તેની પાછળ અન્ય ૪ વાહન ચાલકો એક પછી એક અથડાયા હતા.જેના કારણે વાહનોની લાંબી કતારો જામી હતી. અંકલેશ્વર-ભરૂચને જોડતા નર્મદા મૈયા બ્રિજ પર ગઈકાલે રાત્રે એક મહિલા નદીમાં કૂદવા માટે દોડી રહી હતી.તે ઘટનાને નિહાળવા માટે એક કાર ચાલકે અચાનક બ્રેક મારતા પાછળથી આવી રહેલા ૪ વાહનો એક પછી એક અથડાતા અકસ્માત થયો હતો. અકસ્માતને પગલે બ્રિજ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાી હતી. આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો.

## નાઈજીરીયન મહિલાના ૭ દિવસના રિમાન્ડ મંજુર

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

SMC ગાંધીનગર ખાતે ધી નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સએક્ટ હેઠળ નાઈજીરીયન મહિલા મારગ્રેટ એની એમજીબુડોમ(૩૭)ની ધરપકડ કરવામાં આવી હતી. મૂળ નાઈજીરીયાની રહેવાસી અને મુંબઈના મીરા રોડ ખાતે રહેતી મારગ્રેટ પાસેથી રૂ. ૧,૪૯,૫૧,૦૦૦ ની કિંમતનું ૧૪૯.૫૧૦ ગ્રામ કોકેઈન મળી આવતા તેની ધરપકડ કરવામાં આવી હતી. મારગ્રેટને પોલીસે ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ આ કેસમાં નવસારીની કોર્ટમાં હાજર કરી રિમાન્ડની માંગણી કરી હતી. જેમાં કોર્ટે આ મહિલાને સાત દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજુર કર્યા હતા. હાલમાં પોલીસ આ કેસની ઝીણવટભરી તપાસ કરી રહી છે. આ કેસની વિગત મુજબ SMC ના અધિકારીઓને માહિતી મળી હતી કે એક નાઈજીરીયન મહિલા વેગનઆર કારમાં મુંબઈથી કોકેઈનનો જથ્થો લઈને નવસારીથી સુરત વચ્ચે નેશનલ હાઈવે નંબર-૪૮ પર કોઈ શખ્સને આપવા આવવાની છે. આ માહિતીને આધારે પોલીસે જાળ બિછાવીને કાર અટકાવીને મહિલાની ડ્રગ્સ સાથે ધરપકડ કરી હતી. પુછપરછમાં મહિલાએ નાઈજીરીયા ખાતે રહેતા ઈલ્ડર નામના શખ્સના કહેવાથી મુંબઈ ખાતે રહેતા ઈમાનુએલ નામના શખ્સ પાસેથી મુંબઈ વસઈ હાઈવે ખાતેથી કોકેઈનનો જથ્થો મેળવીને કડોદરા ખાતે આપવા આવતી વખતે પકડાઈ ગઈ હતી.


### ‘વિશ્વ કલ્યાણ માટે મોટી પહેલ’

# સદગુરુએ સામાજિક કાર્યો માટે રૂ.૧૦,૦૦૦ કરોડના દાન બદલ ગૌતમ અદાણીને અભિનંદન પાઠવ્યા

। અમદાવાદ, તા.૨૦ ।

સદગુરુ જગ્ગી વાસુદેવે અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીની સામાજિક કાર્યો માટે દાન આપવાના નિર્ણયની પ્રશંસા કરતા અભિનંદન પાઠવ્યા છે. નાના પુત્ર જીત અદાણીના લગ્ન પ્રસંગે ગૌતમભાઈએ આરોગ્ય સંભાળ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ જેવા સામાજિક કાર્યો માટે રૂ. ૧૦,૦૦૦ કરોડનું દાન આપ્યું છે. સદગુરુએ જણાવ્યું હતું કે તે માત્ર ભારતીયો મોટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના કલ્યાણ માટે લેવાયેલું પ્રસંશનીય પગલું છે.

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ તેમના પુત્ર જીત અદાણીના લગ્ન સમયે સામાજિક કાર્યો માટે રૂ. ૧૦,૦૦૦ કરોડનું દાન આપવાની જાહેરાત કરી હતી. જીત અદાણી અને સુરતના પ્રખ્યાત હીરા વેપારી જૈમિન શાહની પુત્રી દિવાના લગ્ન ૭ ફેબ્રુઆરીએ થયા હતા. આ પ્રસંગે માત્ર બંને પરિવારના સંબંધીઓ અને કેટલાક નજીકના પરિવારના મિત્રો જ હાજર રહ્યા હતા.



https://x.com/sadhgurujv/status/1887907618225807845

સદગુરુ જગ્ગી વાસુદેવે ઠ પર એક પોસ્ટમાં કહ્યું કે “આ એક ખૂબ જ પ્રશંસનીય પગલું છે, જેનો ભવિષ્યમાં સમગ્ર વિશ્વને ફાયદો થશે. તેમણે ઉમેર્યુ હતું કે, ’૧.૪ બિલિયન સ્વસ્થ, પ્રેરિત, શિક્ષિત ભારતીયો બનાવવા માટેનું રોકાણ દેશને વિશ્વ માટે સમૃદ્ધિના પ્રતીકમાં પરિવર્તિત કરી શકે છે. આ દૂરંદેશી પહેલ માટે ગૌતમ અદાણીને અભિનંદન. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં અદાણી ગ્રુપે દેશભરમાં ઓછામાં ઓછી ૨૦ શાળાઓના નિર્માણ માટે ૨,૦૦૦ કરોડ રૂપિયાના દાનની જાહેરાત કરી છે. ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીના નાના પુત્રના લગ્ન સમયે ગ્રુપે ૧૦,૦૦૦ કરોડ રૂપિયા સખાવતી કાર્યોમાં ખર્ચ કરવાની જાહેરાત કરી હતી. અદાણી જૂથે અગાઉ હોસ્પિટલોના નિર્માણ માટે રૂ. ૬,૦૦૦ કરોડ અને કૌશલ્ય વિકાસ માટે રૂ. ૨,૦૦૦ કરોડની જાહેરાત પણ કરી હતી. ગૌતમ અદાણીની આગેવાની હેઠળના સમૂહની સેવાકીય સંસ્થા અદાણી ફાઉન્ડેશને ’ખાનગી K-12 શિક્ષણમાં વૈશ્વિક અગ્રણી જેમ્સ એજ્યુકેશન સાથે સમગ્ર દેશમાં શિક્ષણ મંદિરો સ્થાપવા સહયોગ કર્યો છે.’ ફાઉન્ડેશને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, “અદાણી પરિવાર તરફથી રૂ. ૨,૦૦૦ કરોડના પ્રારંભિક યોગદાન સાથે આ ભાગીદારી સમાજના તમામ વર્ગના લોકો માટે વિશ્વ-સ્તરીય શિક્ષણ અને લર્નિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પોસાય તેવું બનાવવા પ્રાથમિકતા આપશે.” અદાણી ફાઉન્ડેશન હાલમાં ૧૯ રાજ્યોના ૬,૭૬૯ ગામડાઓમાં કામ કરે છે.

### અમદાવાદમાં અકસ્માત કરનારા નબીરાઓ બેફામ બન્યા

## ગોતામાં કારચાલકે ફુલ સ્પીડમાં અન્ય કારને ટક્કર મારતાં ડીવાઈડરમાં ઘુસી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદમાં વધુ એકવાર અકસ્માતની ઘટના સામે આવી છે. અમદાવાદમાં અનેક વખત અકસ્માતાનોના બનાવ બનતા હોય છે, આવી જ એક ઘટના અમદાવાદના ગોતામાં બની છે જેમાં BMW કારચાલકે અન્ય કારને ટક્કર મારતા bmw કાર રોડ પરથી કૂદીને સીધી ડીવાઈડરમાં ચડી ગઈ હતી, ઘટનાને પગલે ભારે ટ્રાફિકજામ પણ સર્જાયો હતો. આ મામલે પોલીસે વધુ તપાસ હાથધરી કારચાલકની શોધખોળ હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, અમદાવાદના SG હાઈવે પર નબીરાઓ બેફામ બન્યા છે, ત્યારે વર્તમાનમાં ગોતા પાસે bmw ના કારચાલકે ફુલ સ્પીડમાં અન્ય કારને ટક્કર મારીને ડીવાઈડર પર ચડી ગઈ હતી અને આસપાસના ફેન્સિંગ પણ આ અકસ્માતને લઈ તૂટી ગઈ હતી. તથા આ અકસ્માતને પગલે રોડ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. ટ્રાફિક પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે, કારના માલિક કોણ છે તેની માહિતી સામે આવી નથી, પરંતુ પોલીસે કારના નંબર પ્લેટના આધારે એડ્રેસની શોધખોળ કરીને કાર માલિક સુધી પહોચવા કાર્યવાહી હાથ ધરી છે. અગાઉ પણ, ૬ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ પણ એસજી હાઈવે પર બની અકસ્માતની ઘટના બની હતી.

### ગત વર્ષ કરતા ૧૫૦૦ વધારે પ્રવેશ અપાશે

## વડોદરામાં આરટીઈ હેઠળ ૪૮૦૦ બેઠકો પર પ્રવેશ અપાશે

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

આરટીઈ એટલે કે રાઈટ ટૂ એજ્યુકેશન એકટ હેઠળ ૨૦૨૫-૨૬ના શૈક્ષણિક વર્ષમાં ધો. ૧માં પ્રવેશ કાર્યવાહી જાહેરાત કરી દીધી છે. જે પ્રમાણે વાલીઓ તા.૨૮ ફેબ્રુઆરીથી આરટીઈ હેઠળ પ્રવેશ લેવા માટે આરટીઈ ડોટ ઓઆરપી અને ગુજરાત ડોટ કોમ પર ઓનલાઈન ફોર્મ ભરી શકશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૨ માર્ચ છે. આ વખતે બોર્ડ પરીક્ષાની જેમ આરટીઈ હેઠળ પ્રવેશ માટેની કાર્યવાહી અગાઉના વર્ષો કરતા વહેલી શરૂ કરવામાં આવનાર છે. વડોદરામાં વાલીઓ માટે રાહતની વાત એ છે કે, આરટીઈ હેઠળ પ્રવેશ માટે આ વર્ષે ૪૮૦૦ જેટલી બેઠકો ઉપલબ્ધ થશે. ગત વર્ષે ૩૩૦૦ જેટલી બેઠકો ઉપલબ્ધ હતી. આમ ગત વર્ષ કરતા આ વર્ષે ૧૫૦૦ વધારે બેઠકો પર પ્રવેશ મળશે તેમ ડીઈઓ કચેરીના સૂત્રોએ કહ્યું હતું. આરટીઈ હેઠળ ખાનગી અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં ધો.૧માં ૨૫ ટકા બેઠકો અનામત રાખવામાં આવે છે. અગાઉના વર્ષમાં ધો.૧માં જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હોય તેના આધારે ૨૫ ટકા બેઠકોની ગણતરી થતી હોય છે. આમ આ વર્ષે ધો.૧માં ૪૮૦૦ જેટલી બેઠકો પર પ્રવેશ અપાશે. દર વર્ષે સરેરાશ ૧૦૦૦૦ જેટલી અરજીઓ પ્રવેશ માટે થતી હોય છે.

### તપાસ કરતા રૂ.૪.૯૪ લાખથી વધુની ઠગાઈની જાણ થઈ

## જીઓ કસ્ટમર કેરમાંથી વાત કરવાના બહાને બેંક ખાતામાંથી ફ્રોડ થયું

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

વડોદરાના નંદેસરી વિસ્તારની કંપનીના નોકરીયાતની પત્ની પોતાના બગડી ગયેલા જીઓ ફાઈબરના એડેપ્ટર અંગે જીઓ ફાઈબર હેલ્પલાઈન નંબર ગુગલ પર સર્ચ કરતી વખતે સાયબર ઠગ ટોળીનો ભેટો થઈ ગયો હતો. ટોળકીએ કસ્ટમર કેર નામની એપિકે ફાઈલ ડાઉનલોડ કરાવવાના બહાને બે કલાક સુધી મોબાઈલ પર કરેલી વાતોમાં મહિલાના ખાતામાંથી ૩૭૫૦૦નો ફ્રોડ થયા અંગેના ચાર મહિના અગાઉના બનાવમાં ફરિયાદ નોંધાવવા જતા બેંકમાં ચાલતી કાર લોન પર ટોપ લોનના બહાને રૂ.૪,૯૪,૫૩૪ કપાઈ ગયાની જાણ થતા જ મહિલાએ ગોરવા પોલીસ મથક અને સાયબર ક્રાઈમ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. બનાવની વિગત એવી છે કે સુભાનપુરા હાઈટેન્શન રોડના ફોરમ કોમ્પલેક્ષમાં રહેતા સુનિલભાઈ પટેલ નંદેસરીની કંપનીમાં નોકરી કરે છે. તેમના પત્ની મમતાબેન (૫૪)નું બેંક એકાઉન્ટ આઈસીઆઈસીઆઈ બેંકમાં છે. તેમના જીઓ ફાઈબર નેટ કનેક્શનનું એડપ્ટર બગડી ગયું હતું. જેથી ગુગલ પર હેલ્પલાઈન નંબર શોધતા હતા ત્યારે તેમનો ભેટો સાયબર ઢગ ટોળકી સાથે થઈ ગયો હતો. જીઓ કસ્ટમર કેરમાંથી વાતચીત કરતા હોવાના બહાને ગઠિયાઓએ મહિલાની સાથે બે કલાક વાતો કરીને મહિલાને કસ્ટમર કેર એપીકે ફાઈલ તેમના મોબાઈલમાં ડાઉનલોડ કરાવી દીધી હતી. ત્યારબાદ જુદી-જુદી વાતોમાં ભોળવીને તેમના ખાતામાંથી કુલ રૂપિયા ૩૭૫૦૦ ઉપાડી લીધા હતા. પરંતુ મહિલાને દાળમાં કંઈક કાળું જણાતા તેમણે ફોન કટ કર્યો હતો. તપાસ કરતા તેમની સાથે ફ્રોડ થયાની જાણ થઈ હતી. પરિણામે તેમના ભત્રીજા મંથન જનકભાઈને સમગ્ર બનાવવાની જાણ કરતા તેમણે આઈસીઆઈસીઆઈ બેંકના કસ્ટમર કેરમાં ખાતું અને ડેબિટ કાર્ડ બ્લોક કરવા જણાવ્યું હતું. પરંતુ નાણાની રકમ અંગે જણાવતા બેંકમાંથી જાણ થઈ હતી કે, તમારી ચાલતી કાર લોન પર ટોપ લોન થઈ ગઈ છે અને કુલ રૂપિયા ૪,૯૪,૫૩૪ કપાઈ ગયાની જાણ કરી હતી. જેથી મમતાબેન સુનિલભાઈ પટેલે બનાવ અંગે ગોરવા પોલીસ મથકે અને સાયબર ક્રાઈમ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી.

### જીસેકના સત્તાધીશો પરીક્ષા લેવા માટે તૈયાર નથી

## GSEC દ્વારા 3 વર્ષથી હેલ્પરોની ભરતી પરીક્ષા લેવામાં અખાડા

**આ બાબતે ગુજરાત સરકારમાં રજૂઆત કરી હતી અને મુખ્યમંત્રીએ પણ પરીક્ષા લેવા માટે લીલી ઝંડી આપી હતી**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

ગુજરાત સરકારની સરકારી વીજ કંપનીઓ પૈકીની જીસેક (ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ) માં હેલ્પરની ભરતી માટેની પરીક્ષા લેવાની જાહેરાત જૂન, ૨૦૨૨માં કરવામાં આવી હતી. એ પછી હજી પરીક્ષા લેવામાં નહીં આવતા ઉમેદવારોએ વડોદરા સ્થિત જીસેકની હેડ ઓફિસમાં રજૂઆત કરી છે. ઉમેદવારોએ આવેદન પત્ર આપીને કહ્યું હતું કે, જીસેકમાં છેલ્લે ૨૦૦૫માં હેલ્પરોની ભરતી કરવામાં આવી હતી. એ પછી ૨૦૨૨માં ૮૦૦ જગ્યાઓ પર ભરતી માટે પરીક્ષા લેવાની જાહેરાત થઈ હતી. પરીક્ષા માટે ૫૫૦૦ ઉમેદવારોએ ફોર્મ પણ ભર્યા હતા અને તેની ચકાસણીની કાર્યવાહી પણ પૂરી થઈ ગઈ હતી. એ પછી જેટકોએ પરીક્ષા લેવાનું માડી વાળ્યું હતું. અમે આ બાબતે ગુજરાત સરકારમાં રજૂઆત કરી હતી અને મુખ્યમંત્રીએ પણ પરીક્ષા લેવા માટે લીલી ઝંડી આપી હતી. ઉમેદવારોનું કહેવું છે કે, એ પછી પણ જીસેકના સત્તાધીશો પરીક્ષા લેવા માટે તૈયાર નથી. કારણકે જીસેકમાં હેલ્પરોની જગ્યાઓ પર આઉટસોર્સિંગના કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. અન્ય સરકારી વીજ કંપનીઓની જેમ જીસેકમાં હેલ્પર તરીકે ભરતી માટે પરીક્ષા આપવા એપ્રેન્ટિસશિપ કરેલી જરુરી છે. પરીક્ષા નહીં લેવાતી હોવાથી એપ્રેન્ટિસશિપ કરનારા હજારો ઉમેદવારો રઝળી પડયા છે. કેટલાક તો સરકારી નોકરી મેળવવાની મહત્તમ વયમર્યાદા પણ વટાવી ગયા છે. જો સત્તાધીશો પરીક્ષા લેવાની જાહેરાત નહીં કરે તો અમે તા.૩ માર્ચના રોજ જીસેકની હેડ ઓફિસ બહાર ધરણા કરીશું.

### CA બનવાનું સપનું રોળાયું

## વાપી કોલેજના ૪ વિદ્યાર્થીઓનું નદીમાં ડૂબી જવાથી કરુણ મોત

। (એજન્સી) વલસાડ, તા.૨૦ ।

વલસાડના વાપીની KBS કોલેજના ૮ વિદ્યાર્થીઓ ફેરવેલ પાર્ટીના એક દિવસ પહેલાં કપરાડા ફરવા ગયા હતા, જ્યાં પાંડવકુંડમાં ન્હાવા પડતાં ૪ વિદ્યાર્થીઓ ડૂબી ગયા હતા. આ કરુણ ઘટનાએ ચારેય પરિવારોના સપનાં રોળી નાખ્યા છે. મળતી માહિતી અનુસાર, મંગળવારે બનેલી આ ઘટનામાં કોલેજના ત્રીજા વર્ષ બીકોમના વિદ્યાર્થીઓ, જેઓ બુધવારે ફેરવેલ પાર્ટીમાં સામેલ થવાના હતા, તેઓ ૨ રિક્ષામાં બેસીને ફરવા ગયા હતા. તે દરમિયાન તેઓ રોહિયાળ તલાટ ગામે આવેલ પાંડવકુંડમાં જવા માટે ૫૦૦ મીટર દૂર બંને રિક્ષા પાર્ક કરી કુંડ સુધી ચાલતા ગયા હતા. જ્યાં રિક્ષા ચાલક અને ૪ વિદ્યાર્થીઓ કુંડમાં ન્હાવા માટે પડ્યા હતા. જોકે, કોલક નદી ૨૦ ફૂટથી વધુ ઊંડી હોવાથી ચારેય મિત્ર પાણીમાં ડૂબવા લાગ્યા? હતા. આ સમયે રીક્ષા ચાલકે તેમને બચાવવા માટે પણ પ્રયાસ કર્યો હતો. ગ્રામજનોએ રિક્ષાચાલકને બચાવી લીધો હતો, પરંતુ ૪ વિદ્યાર્થીઓના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા.

મૃતક આલોકના પરિવારે જણાવ્યું કે, તે ઝછ બનવા માંગતો હતો અને પાર્ટ ટાઈમ જોબ પણ કરતો હતો. આજે મારી કોલેજનો છેલ્લો દિવસ છે તો હું મંદિરે દર્શન કરીને પરત આવીશ. ત્યારબાદ સાંજે ૭:૩૦એ તેની મમ્મીએ મને કહ્યું કે, દિકરો હજુ આવ્યો નથી તમે પૂજા કરી લો. મેં પૂજા પુરી કરીને પછી ૭:૪૫એ તેનો એક મિત્ર ઘરે આવ્યો અને તેને આ ઘટનાની મને જાણ કરી. થોડીવાર પછી એટલે ૮:૦૦ વાગે પોલીસ સ્ટેશનથી પણ મને ફોન આવ્યો કે, તમારો દિકરા ICUમાં છે. મૃતક ધનંજય પણ CAની ટ્રેનિંગ કરતો હતો અને ૨ દિવસ પછી તેની એપોઈન્ટમેન્ટ હતી. મારો દિકરો CA બનવા માગતો હતો અને આ સપનું તેનું પુરૂ થવાની તૈયારીમાં જ હતું.

**વિશેષ** ગ્લોબલ વોર્મિંગ એ ગ્લોબલ વોર્નિંગ છે ત્યારે રિ-ઈન્વેસ્ટનું વૈશ્વિક ચિંતન યોગ્ય સમયે, યોગ્ય દિશાનું ચિંતન છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

# GSFC યુનિવર્સિટી ખાતે આજથી “ઇન્ટરડિસિપ્લિનરી હોરાઇઝન્સઃ ઇન્ટિગ્રેટિંગ AI ઇન સાયન્સ, મેનેજમેન્ટ અને ટેક્નોલોજી” વિષય પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ આયોજન

**આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ની પરિવર્તનકારી ભૂમિકાને પ્રકાશિત કરી શિક્ષકો, સંશોધકો અને ઉદ્યોગ નિષ્ણાતોને જ્ઞાનની આપલે કરાશે**

। (માહિતી) વડોદરા ।

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) એ આજના વિશ્વમાં વિવિધ ડોમેન્સનો એક અભિન્ન ભાગ બની ગયો છે. હેલ્થકેરથી ફાઈનાન્સ સુધી અને પરિવહનથી કૃષિ સુધી, AI પ્રક્રિયાઓને ઑપ્ટિમાઇઝ કરવા, આગાહીઓ કરવા અને નવીનતા ચલાવવામાં નિર્ણાયક ભૂમિકાને પ્રોત્સાહિત કરવા માટે વડોદરામાં GSFC યુનિવર્સિટી ખાતે તા.૨૦-૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ "ઈન્ટરડિસિપ્લિનરી હોરાઈઝન્સઃ ઈન્ટિગ્રેટિંગ AI ઈન સાયન્સ, મેનેજમેન્ટ અને ટેકનોલોજી" પર તેની પ્રથમ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજવામાં આવી છે. જેમાં ૦૮ દેશ અને ૧૨ રાજ્યનાં સંશોધકો પોતાના શોધ નિબંધો રજુ કરશે.








GSFC યુનિવર્સિટી ખાતે બે-દિવસીય કોન્ફરન્સનો મુખ્ય હેતુ વિવિધ ડોમેન્સ પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની પરિવર્તનકારી ભૂમિકાને પ્રકાશિત કરી શિક્ષકો, સંશોધકો અને ઉદ્યોગ નિષ્ણાતોને જ્ઞાનની આપલે કરવા અને સહયોગને પ્રોત્સાહન આપવા માટે પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. જેમાં યુએસએ, સર્બિયા, માલાવી, મ્યાનમાર અને તાઈવાન સહિત આઠ દેશો અને ભારતના ૧૨ રાજ્યોમાંથી કુલ ૧૩૬ સંશોધન પત્રો પ્રાપ્ત થયા છે. સખત સમીક્ષા પ્રક્રિયા પછી, અંતિમ સ્વીકૃતિ માટે ૩૦ ઉચ્ચ-ગુણવત્તાવાળા સંશોધન પત્રો પસંદ કરવામાં આવ્યા હતા જેને સ્કોપસ-અનુક્રમિત સ્પ્રિંગર કોન્ફરન્સ જર્નલમાં પ્રકાશિત કરવામાં આવનાર છે. આ કોન્ફરન્સમાં યુનિવર્સિટી ઓફ બેલગ્રેડના પ્રોફેસર વ્લાદાન દેવેદિક, અને IIT ઈન્દોર ના પ્રોફેસર રામ બિલાસ પચોરી મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા છે. પેપર પ્રેઝન્ટેશનમાં વિજ્ઞાનમાં AI અંતર્ગત મેડિકલ AI, હેલ્થકેરમાં ડીપ લર્નિંગ, રોગની આગાહી, EEG વિશ્લેષણ, હવામાન આગાહી મોડલ્સ, કૃષિ અને બાયોઈન્ફોર્મેટિક્સ વિષયો નોંધાય હતા. AI માં ટેકનોલોજીમાં ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, વાયરલેસ સેન્સર નેટવર્ક્સ, સાયબર સુરક્ષા, છેતરપિંડી શોધ, સુરક્ષિત કમ્પ્યુટર ડેટા, એનએલપી, ડિજીટલ ડેટા ડિટેક્શન, એનએલપી અને સુરક્ષિત કમ્પ્યુટર્સ, વૉઈસ રેકગ્નિશન, ઈવોલ્યુશનરી કમ્પ્યુટિંગ અને રોબોટિક્સ વિષયો છે. મેનેજમેન્ટમાં AIમાં નાણાકીય AI, જોખમ વિશ્લેષણ, સ્પોર્ટ્સ એનાલિટિક્સ, નાણાકીય છેતરપિંડી શોધ, બજારની આગાહી, બિઝનેસ ઈન્ટેલિજન્સ, ડેટા વિઝ્યુલાઈઝેશન, સ્માર્ટ ઓટોમેશન, સપ્લાય ચેઈન ઑપ્ટિમાઈઝેશન જેવા વિવિધ વિષયોને આવરી લઈને સંશોધન પત્રો રજુ કરવામા આવ્યા છે. યુનિવર્સિટીમાં કોન્ફરન્સનાં ઉદ્દ્ઘાટન પ્રસંગે જીએસએફસી યુનિવર્સિટીના પ્રમુખ પી.કે. તનેજા, IIT ઈન્દોરમાંથી પ્રોફેસર રામ બિલાસ પચોરી, યુનિવર્સિટી ઓફ બેલગ્રેડના પ્રોફેસર વ્લાદાન દેવેદિક, માલાવી યુનિવર્સિટી ઓફ બિઝનેસ એન્ડ એપ્લાઈડ સાયન્સની ફેકલ્ટી ઈન AI માંથી ડૉ. એમેલિયા ટેલર અને પ્રોફેસર આનંદ નૈયર, વૈજ્ઞાનિક, વાઈસ-ચેરમેન (સંશોધન), અને ડ્યુ ટેન યુનિવર્સિટી, ડા નાંગ, વિયેતનામનાં ડાયરેક્ટર (IoT અને ઈન્ટેલિજન્ટ સિસ્ટમ્સ લેબ), સર્બિયાના જાણીતા વક્તાઓ, સંશોધકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## આશ્રમ શાળાઓમાં ૮૪૭ જ્ઞાન સહાયકની ભરતી કરાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

રાજ્યની આશ્રમ શાળાઓમાં શિક્ષકો, સ્ટાફની અછત, ડ્રોપ આઉટ રેશ્યો સહિતના મુદ્દે થયેલી ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજીની સુનાવણીમાં રાજ્ય સરકાર તરફથી મહત્ત્વનું નિવેદન આપવામાં આવ્યું હતું કે, જેમાં જણાવ્યું હતુ કે,' આશ્રમ શાળાઓમાં પણ રાઈટ ટુ એજયુકેશન (આરટીઈ)એક્ટની જોગવાઈઓની અમલવારી થશે અને તે મુજબ તેમાં પણ શિક્ષણ અને સુવિધાઓ વિદ્યાર્થીઓને ઉપલબ્ધ બનાવાશે. આ માટે સરકાર દ્વારા ગ્રાંટ પણ જાહેર કરાઈ છે. આરટીઈ મુજબના પાલન માટે સરકાર દ્વારા ૮૪૭ જેટલા જ્ઞાન સહાયકોની ભરતી આશ્રમશાળાઓમાં કરશે.' ગુજરાત હાઈકોર્ટે આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, શિક્ષકો, શાળાઓ અને ઓરડાની સંખ્યા સહિતની માહિતી રજૂ કરવા નિર્દેશ કરી કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં રાખી હતી. અરજદારપક્ષ તરફથી રિટ અરજીમાં આક્ષેપ કરાયા હતા કે, 'આશ્રમ શાળાઓમાં શિક્ષકોની ઘટ અને અન્ય સુવિધાઓના અભાવે વિદ્યાર્થીઓના શિક્ષણ પર ગંભીર અસરો પડી રહી છે. સરકાર ભરતી મુજબ નિયમો કરે છે, પરંતુ કોન્ટ્રાકટ પૂરો થાય એટલે તેઓને કાઢી મૂકે છે. આશ્રમશાળાઓમાં શિક્ષકોની ચિંતાજનક ઘટ છે. તો સરકારે નોન ટીચિંગ સ્ટાફની ભરતી અંગે પણ કોઈ ખુલાસો કર્યો નથી.રાજ્ય સરકાર તરફથી જણાવાયું હતું કે, 'આશ્રમશાળાઓના વિવિધ મુદ્દાઓ અને તેના નિરાકરણને લઈ રાજય સરકાર દ્વારા એક ખાસ કમિટીની રચના પણ કરવામાં આવી છે. જેણે આશ્રમ શાળાઓના રિસ્ટ્રક્ચરિંગ સહિતની બાબતોને લઈ સરકારમાં પોતાનો અભિપ્રાય પણ આપ્યો છે.'સરકારે સ્પષ્ટ કર્યુ હતું કે, 'આશ્રમ શાળાઓમાં પણ હવે આરટીઈ એકટની જોગવાઈઓની અમલવારી થશે અને તેના અનુસંધાનમાં લાયકાત ધરાવતા શિક્ષકોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેમાં શિક્ષકોની ભરતીના નિયમો પણ તૈયાર થઈ ચૂક્યા છે. જેથી અન્ય શાળાઓ અને આક્ષમ શાળાઓમાં એકસૂત્રતા જળવાઈ રહે. એટલું જ નહીં આશ્રમ શાળાઓમાં અપાતું શિક્ષણ પણ હવે રાજ્યના શિક્ષણ વિભાગ હસ્તક સમાવિષ્ટ કરી દેવાયું છે.

## રેખા ગુપ્તા દિલ્હીના ચોથા મહિલા મુખ્યમંત્રી









નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને તેમની છ મંત્રીઓની ટીમને શપથ લીધા બાદ શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું આ ટીમ ઉત્સાહ અને અનુભવને સુંદર રીતે મિશ્રિત કરે છે ચોક્કસ દિલ્હી માટે સુશાસન સુનિશ્ચિત કરશે.

## ટેરીફ બાબતે કોઈ સમાધાન નહીં, જેવા સાથે તેવાની નીતિ : ટ્રમ્પ



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ બાબતે ફરી એક વાર ખોંખારીને પોતાના ઈરાદાનું એલાન કર્યુ છે. ટ્રમ્પે કહ્યું હતું કે, ટેરિફના માળખા બાબતે તેમની સાથે કોઈ ચર્ચા કરી શકે તેમ નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ સ્પષ્ટતા કરી દીધી છે કે, ભારતને ટેરિફમાં બાકાત રાખવાનો કોઈ સવાલ જ નથી. અમેરિકાની વસ્તુઓ પર જેટલો ટેરિફ લેવાતો હશે, તેટલો જ ટેરિફ તે દેશોએ ચૂકવવી પડશે. જેવા સાથે તેવા જ રહેવાના સૂત્રનો ચુસ્ત અમલ થશે. ફોક્સ ન્યૂઝ દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પ અને અબજોપતિ મસ્કનો સંયુક્ત ઈન્ટરવ્યૂ પ્રસારિત થયો હતો. આ ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે પારસ્પરિક ટેરિફ અંગે વાત કરી હતી. ૧૩ ફેબ્રુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષી વાટાઘાટોના કલાકો પહેલાં પણ ટ્રમ્પે પારસ્પરિક સમાન ટેરિફના ચુસ્ત અમલનું એલાન કર્યું હતું. ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે ફરી એક વખત પોતાનું વલણ સ્પષ્ટ કર્યુ હતું અને ભારત સહિતના ભાગીદાર રાષ્ટ્રો સાથે ટેરિફ માળખા પર વાત કરી હતી. ટ્રમ્પના જણાવ્યા મુજબ, વડાપ્રધાન મોદી અહીંયા જ હતા અને તેમને સ્પષ્ટ કહી દીધું છે, અમે પારસ્પરિક ટેરિફનો અમલ કરીશું. તમે જેટલો ટેરિફ વસૂલ કરશો, તેટલો જ ટેરિફ સામે ભરવો પડશે.ટ્રમ્પના જણાવ્યા મુજબ, મોદીએ પારસ્પરિક ટેરિફનો વિરોધ કર્યો હતો અને પારસ્પરિક ટેરિફ પસંદ નહીં હોવાનું કહ્યું હતું. પણ ટ્રમ્પ મક્કમ રહ્યા હતા, તેમણે મોદીને સુણાવી દીધુ હતું કે, તમે (ભારત) જેટલો ટેરિફ રાખશે, તેટલો જ ટેરિફ અમેરિકામાં વસૂલ થશે. અમેરિકામાંથી આયાત થતી ઘણી વસ્તુઓ પર ભારત જંગી ટેરિફ વસૂલે છે. ખાસ કરીને ઓટોમોબાઈલ ક્ષેત્ર પર ૧૦૦ ટકા ટેરિફ છે. ટ્રમ્પની વાતમાં સૂર પુરાવતા મસ્કે કહ્યું હતું કે, ઓટો આયાત પર ૧૦૦ ટકા ટેરિફ જ છે. અને આ તો ચણા-મમરા જેવી વાત છે. ભારત ઘણો વધારે ટેરિફ રાખે છે અને બીજા દેશો પણ આમ જ કરે છે.

## મોટા વકીલનું નામ લેવાથી સુનાવણી સ્થગિત થશે તેવું ના માનશોઃ SC

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

સુપ્રીમ કોર્ટે એક વકીલ દ્વારા કેસની સુનાવણી મુલતવી રાખવાની માંગણી સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. વકીલે બેન્ચને કહ્યું હતું કે, એક વરિષ્ઠ વકીલ સુનાવણીમાં જોડાવાના છે. આના પર બેન્ચે વકીલને ઠપકો આપ્યો અને કડક ટિપ્પણી કરતા કહ્યું હતું કે, તમે કોઈ મોટા વકીલનું નામ લઈને કેસની સુનાવણી મુલતવી રાખશો, તો તમારી ધારણા ખોટી છે.જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુયાનની બેન્ચે એક વ્યવસાયિક વિવાદના કેસની સુનાવણી કરી રહ્યા હતા. આ દરમિયાન એક વકીલે કોર્ટને અપીલ કરી હતી કે સુનાવણી ચાર અઠવાડિયા માટે મુલતવી રાખવામાં આવે કારણ કે વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વે કેસની વધુ સુનાવણી માટે જોડાવાના છે. વકીલે કહ્યું હતું કે સાલ્વે હાલમાં વિદેશમાં છે અને પરત ફરી સુનાવણીમાં હાજરી આપશે. જેથી બેન્ચે નારાજગી વ્યક્ત કરી કહ્યું કે વકીલોએ આ આદત છોડવી પડશે. જોકે, બાદમાં બેન્ચે અપીલ સ્વીકારીને કેસની સુનાવણી મુલતવી રાખી હતી.

## મને વિશ્વાસ છે કે આ જ આંખોથી આપણે ભારતને વિશ્વગુરુ બનતું જોઈશું

### ભાગવતે ઝંડેવાલનમાં જીર્ણોદ્ધાર 'કેશવ કુંજ'ના ઉદ્ઘાટન સમારોહમાં કહ્યું હતું કે 'દેશમાં સંઘનું કાર્ય વેગ પકડી રહ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડો. મોહન ભાગવતે ઝંડેવાલનમાં જીર્ણોદ્ધાર 'કેશવ કુંજ'ના ઉદ્ઘાટન સમારોહમાં કહ્યું હતું કે 'દેશમાં સંઘનું કાર્ય વેગ પકડી રહ્યું છે, તે વ્યાપક બની રહ્યું છે. આજે આ ઉદ્ઘાટન સમારોહ જે સમારોહ યોજાઈ રહ્યો છે તે નવીનીકરણની ભવ્યતા અનુસાર સંઘ કાર્યનું સ્વરૂપ ભવ્ય બનાવવાનું છે અને આપણું કાર્ય તેનું પ્રતિબિંબ પાડવું જોઈએ. ર

અમને પૂરો વિશ્વાસ છે કે આ કાર્ય સમગ્ર વિશ્વમાં પહોંચશે અને ભારતને વિશ્વ નેતાના સ્થાને ઉન્નત કરશે. આપણે આ આંખો અને આજ દેહ દ્વારા તેને વિશ્વગુરુ બનતું જોઈશું, આ વિશ્વાસ છે. પરંતુ સંઘના સ્વયંસેવકોએ આ માટે પ્રયત્નો કરવા પડશે. આ માટે આપણે સતત કામનો વિસ્તાર કરવો પડશે. તેમણે કહ્યું કે આજે સંઘનું કાર્ય વિવિધ આયામો દ્વારા વિસ્તરી રહ્યું છે. તેથી સંઘના સ્વયંસેવકોના



વર્તનમાં શક્તિ અને પવિત્રતા જળવાઈ રહે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. આજે સંઘની હાલત બદલાઈ ગઈ છે, પણ દિશા બદલવી જોઈએ નહીં. સમૃદ્ધિની જરૂર છે, જેટલો વૈભવ જરૂરી છે તેટલો હોવો જોઈએ, પરંતુ આ મર્યાદામાં થવું જોઈએ. કેશવ સ્મારક સમિતિનું આ જીર્ણોદ્ધાર ભવન ભવ્ય છે, તેની ભવ્યતા પ્રમાણે કામ કરવું પડશે. આ પ્રસંગે, સરસંઘચાલકે મૂળ સરસંઘચાલક ડો. હેડગેવારજીને સંઘની શરૂઆતથી જ સામનો કરવો પડ્યો હતો તે ઘણી મુશ્કેલીઓનો ઉલ્લેખ કર્યો અને નાગપુરમાં પ્રથમ કાર્યાલય 'મહલ' ખોલવા વિશે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે દિલ્હી દેશની રાજધાની હોવાથી અને સૂત્રો અહીંથી જ કામ કરે છે, તેથી અહીં ઓફિસની જરૂરિયાત અનુભવાઈ હતી અને તે જરૂરિયાત મુજબ અહીં ઓફિસ બનાવવામાં આવી છે. આજે માત્ર આ ભવ્ય ઈમારત બંધાઈ હોવાથી સ્વયંસેવકોનું કાર્ય પૂર્ણ નથી થયું. આપણે ધ્યાનમાં રાખવું પડશે કે ઉપેક્ષા અને વિરોધ આપણને સાવચેત રાખે છે, પરંતુ હવે અનુકૂળ વાતાવરણ છે, આપણે વધુ સાવચેત રહેવાની જરૂર છે. તેમણે કહ્યું કે કાર્યાલય આપણને કામ કરવા માટે પ્રેરિત કરે છે, પરંતુ દરેક સ્વયંસેવકની ફરજ છે કે તે તેના પર્યાવરણની સંભાળ રાખે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના કોષાધ્યક્ષ ગોવિંદદેવ ગીરી મહારાજે આશીર્વચનમાં જણાવ્યું હતું કે આજે શ્રી ગુરુજીની જન્મજયંતિ છે તેથી પવિત્ર દિવસ છે.

## અમેરિકામાં ફરી વિમાન દુર્ઘટના એરિઝોનામાં હવામાં બે વિમાન ટકરાયા, ૨ લોકોના મોત થયા

। (એજન્સી) યુએસ, તા.૨૦ ।

અમેરિકામાં વધુ એક વિમાન દુર્ઘટના સર્જાઇ છે. અમેરિકાના એરિઝોના એરપોર્ટ પર બે વિમાન વચ્ચે હવામાં ટક્કર થતાં બે લોકોના મોત નીપજ્યા છે. મારાના પોલીસે વિભાગે જણાવ્યું હતું કે આ દુર્ઘટના ૧૯ ફેબ્રુઆરીએ અવરા વેલી અને સૈંડેરિયો રોડ સ્થિત મારાના રીજનલ એરપોર્ટ પર સર્જાઇ હતી. આ અકસ્માતમાં ૨ લોકોના મોતની પુષ્ટિ થઇ છે. હજુ સુધી વિસ્તૃત જાણકારી પ્રાપ્ત થઈ નથી. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા ફોટામાં એરપોર્ટ પાસે ધુમાડાના ગોટેગોળા જોવા મળી રહ્યા છે. મારાનામાં એક રીજનલ એરપોર્ટ છે. આ ટકસનના ઉત્તર-પશ્ચિમમાં સ્થિત એક શહેર છે. એફએએ અને એનટીએસબી અકસ્માતની તપાસ કરશે. રિપોર્ટસમાં એ પણ કહેવામાં આવ્યું છે કે અકસ્માત વખતે બંને વિમાનોમાં લોકો સવાર હતા. આ પહેલાં પણ અમેરિકામાં ફ્લાઈટ અને હેલિકોપ્ટર વચ્ચે ટક્કર થઈ હતી, જેમાં ૬૦થી વધુ લોકોના મોત થયા હતા. મારાના પોલીસ વિભાગે પુષ્ટિ કરી છે કે બે લોકો એક વિમાનમાં સવાર હતા અને કહ્યું કે બચાવકર્મીઓને તેમને મેડિકલ સર્વિસ આપવાની તક ન મળી. બીજા વિમાનમાં બે લોકો સંપૂર્ણપણે સુરક્ષિત છે.

**વિશેષ** | ગુજરાત બજેટ ૨૦૨૫-૨૬ । "વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણનું"ની પ્રતિબદ્ધતા દર્શાવતું બજેટઃ મુખ્યમંત્રી

## નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ રજૂ કરેલા ૨૦૨૫-૨૬ના વર્ષના બજેટને આવકારતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

। ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૫-૨૬ના વર્ષના ગુજરાતના બજેટને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં "વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણનું"-ની પ્રતિબદ્ધતા દર્શાવતું બજેટ ગણાવ્યું છે. નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભા ગૃહમાં પ્રસ્તુત કરેલા આ બજેટને તેમણે વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના વિઝનને આયોજનબદ્ધ રીતે પ્રજા કલ્યાણ યોજનાઓથી અમલમાં મૂકવાનો આલેખ ગણાવ્યું છે.

આ માટે રૂ. ૫૦ હજાર કરોડના પ્રાવધાન સાથે વિકસિત ગુજરાત ફંડની સ્થાપનાને તેમણે મહત્વપૂર્ણ ગણાવી છે. રાજ્યના અત્યાર સુધીના ઈતિહાસનું સૌથી મોટા કદના એટલે કે રૂ.૩.૭૦ લાખ કરોડના આ બજેટમાં કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તૂલનાએ ૨૧.૮% નો વધારો એ વિકાસ માટેની પ્રતિબદ્ધતા છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યુ કે, પ્રગતિ અને ઉન્નતિના નિત નવા આયામો સર કરતા ગુજરાતના સૌ નાગરિકોના જીવનને સુગમ્ય, સમૃદ્ધ અને સંતોષપ્રદ બનાવવાનો સફળ પ્રયાસ આ બજેટમાં થયો છે. અત્યાર સુધીમાં વિકાસની રાહ પર જ્યાં ગુજરાત છે તેનાથી વધુ ગતિએ ક્વોન્ટમ જમ્પ સાથે આગળ વધવાનું પ્રતિબિંબ આ બજેટમાં ઝિલાતું હોવાનો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવીટી માટે આ બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓને આવકારતા જણાવ્યું હતું કે, વિકસિત ગુજરાત માટે છ રિજીયોનલ ઈકોનોમિક પ્લાન તૈયાર કરવામાં આવશે. સુરત રિજન, અમદાવાદ રિજન, વડોદરા રિજન, રાજકોટ રિજન, સૌરાષ્ટ્ર કોસ્ટલ રિજન અને કચ્છ રિજન એમ કુલ છ ગ્રોથ હબ બનાવવાનું આ બજેટમાં પ્રાવધાન છે.

મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર રાજ્યમાં વ્યાપક વર્લ્ડ ક્લાસ રોડ નેટવર્કનું માળખું સ્થપાય તે માટે આ બજેટમાં કામોના આયોજનની ભૂમિકા આપી હતી.

તેમણે કહ્યું કે, વિકસિત ગુજરાતની દિશાને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને ૧૨ નવા હાઈસ્પીડ કોરિડોર વિકસાવવામાં આવશે. નમોશક્તિ એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રી વિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔદ્યોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે.

એટલું જ નહિ, સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વેને અમદાવાદ, રાજકોટ અને દ્વારકા, સોમનાથ, પોરબંદર સાથે જોડવાના પ્રાવધાન અંગે જણાવ્યું હતું કે આ માર્ગોના વિકાસથી દ્વારકા અને સોમનાથ જતા



પ્રવાસીઓને વધુ સરળ કનેક્ટિવીટી મળશે.

આ ઉપરાંત રાજ્યમાં પ્રવાસીઓને વધુ સુવિધા પૂરી પાડવા માટે દાહોદ ખાતે નવા એરપોર્ટના નિર્માણની જાહેરાત તેમજ વડોદરા, સુરત, ભાવનગર અને પોરબંદર એરપોર્ટના અપગ્રેડેશન દ્વારા એરકનેક્ટિવીટી સુદ્રઢ કરવાની બાબતને પણ મુખ્યમંત્રીશ્રીએ વધાવી હતી.

રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા અંબાજી કોરિડોર અને ધરોઈ ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો વિકાસ કરાશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના વર્લ્ડ ક્લાસ ડેવલપમેન્ટને વધુ ગતિ આપવા માટે ૨૦૨૫ના સમગ્ર વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવશે. આ માટે સમગ્રતયા શહેરી વિકાસના બજેટમાં ૪૦%નો વધારો કરીને વધુ ૩૧ હજાર કરોડ રૂપિયા આ બજેટમાં ફાળવ્યા છે. આ સાથે જ નવી રચાયેલી મહાનગરપાલિકાઓ માટે માળખાકીય વિકાસ સહિતના કામો માટે આ બજેટમાં નાણાંકીય ફાળવણી કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રીએ જળસંચય માટે કરેલા આહવાનને આગળ ધપાવવા માટે ગુજરાતના શહેરી ક્ષેત્રોમાં જનભાગીદારીથી 'કેચ ધ રેઈન' અભિયાન શરૂ કરીને ભૂગર્ભ જળ ઊંચા લાવવાની મુહિમ ઉપાડવામાં આવશે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ દરેક વ્યક્તિને માથે પાકી છત હોય એવું સપનું સેવ્યું છે, તે પ્રધાનમંત્રી આવાસ યોજનાથી સાકાર થઈ રહ્યું છે. રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના માટે અપાતી સહાયમાં ૫૦ હજાર રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. હવે દરેક લાભાર્થીને રૂ. ૧ લાખ ૭૦ હજારની સહાય આપવાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આદિજાતિના વિકાસ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટમાં વસવાટ કરતાં વનબંધુઓના વિકાસ માટે ૩૦ હજાર કરોડ રૂપિયા બજેટમાં ફાળવ્યા છે. બજેટમાં ફાળવાયેલી આ રકમથી આદિજાતિ વિસ્તારોમાં ઘર આંગણે શિક્ષણ, રોજગાર અને માળખાકીય સુવિધા વધારવાની નેમ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, રાજ્યના મત્સ્યોદ્યોગના સર્વાંગી વિકાસ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ફિશરીઝ એટલે કે બ્લૂ ઈકોનોમીને વેગ આપવા ગુજરાત પ્રતિબદ્ધ છે. સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું ગુજરાત મત્સ્યોદ્યોગમાં અગ્રેસર છે અને મત્સ્ય ઉત્પાદન વૃદ્ધિ અને એમ્પ્લોયમેન્ટ જનરેશન માટે અભૂતપૂર્વ ૧૬૨૨ કરોડ રૂપિયાની માતબર રકમનું પેકેજ બજેટમાં જાહેર કરવામાં આવ્યું છે. આ પેકેજ દ્વારા માછીમારો માટે માળખાકીય સુવિધાઓનો વિકાસ, સ્ટોરેજ, પ્રોસેસિંગ અને એક્સપોર્ટ ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, દેશની કૃષિ ક્રાંતિનો આધાર કૃષિ ક્ષેત્ર આધુનિક બને અને અન્નદાતા વધુ સક્ષમ બને તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. કૃષિ ક્ષેત્ર માટે રૂ. ૧૬૧૨ કરોડ બજેટમાં ફાળવીને રાજ્યના ખેડૂતો અને ખેતીનો ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત, કૃષિ ઉત્પાદનના વેલ્યૂ એડિશન દ્વારા ખેડૂતની આવક વધારવા એગ્રો પ્રોસેસિંગ એન્ડ પ્રમોશન માટે આ બજેટમાં પ્રાવધાન છે તેનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ બજેટમાં યુવાઓ, નારીશક્તિ અને બાળકોના પોષણ માટે પણ ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. યુવાશક્તિ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આ યુગમાં વિશ્વ સાથે કદમ મિલાવી શકે તે માટે સાત ટેકનિકલ સંસ્થાઓમાં એ.આઈ. લેબ અને સ્ટાર્ટઅપ માટે અનુકૂળ ઈકોસિસ્ટમ ઊભી કરીને સ્ટાર્ટઅપને વેગ આપવા ચાર રિજિયનમાં આઈ-હબની સ્થાપનાને તેમણે આવકારી હતી. મુખ્યમંત્રીશ્રીએ નારીશક્તિના સશક્તિકરણ અને આત્મનિર્ભરતા માટે નવી મહત્વપૂર્ણ યોજના 'સખી સાહસ યોજના' ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, સ્વ-સહાય જૂથની બહેનોને આ યોજનામાં સાધન સહાય, લોન ગેરંટી વગેરે માટે રાજ્ય સરકાર મદદરૂપ થશે. તેમણે કહ્યું હતું કે, ઉજ્જ્વળ આવતીકાલ સમા બાળકોના પોષણનો પણ આ બજેટમાં ખ્યાલ રાખવામાં આવ્યો છે. આ માટે ગત વર્ષના બજેટ કરતા ૨૫ ટકાનો વધારો કરીને ૮૪૬૦ કરોડનું બજેટ ફાળવ્યું છે. રાજ્યના આર્થિક વિકાસની સાથે સાથે સામાજિક સુરક્ષાની પણ દરકાર સરકારે કરી છે. તે સંદર્ભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, જનતા જૂથ અકસ્માત વીમા યોજનામાં આપ વામાં આવતા વીમા સુરક્ષા કવચને બમણું એટલે કે બે લાખથી ચાર લાખ કરવામાં આવ્યું છે.

## તંત્રી લેખ...

# ગુજરાતમાં નવા બે એક્સપ્રેસ-વે બનાવવાની બજેટમાં જાહેરાત

રાજ્યના અત્યાર સુધીના ઈતિહાસનું સૌથી મોટા કદના એટલે કે રૂ.૩.૭૦ લાખ કરોડનું બજેટ રજુ કરવામાં આવ્યું છે. આ બજેટમાં રોજ રસ્તા અને પ્રવાસન ક્ષેત્રોને લઈને અનેક જાહેરાત કરવામાં આવી છે. સમગ્ર રાજ્યમાં વ્યાપક વર્લ્ડ ક્લાસ રોડ નેટવર્કનું માળખું સ્થપાય તે માટે આ બજેટમાં કામોના આયોજનની ભૂમિકા આપી છે. બજેટમાં બે નવા એક્સપ્રેસ-વે અંગે જાહેરાત કરવામાં આવી છે. જેમાં બનાસકાંઠાને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા સાથે જોડતા ડીસાથી પીપાવાવ રસ્તાને "નમોશક્તિ એક્સપ્રેસ-વે" તરીકે વિકસાવવામાં આવશે. આ ઉપરાંત અમદાવાદથી રાજકોટ અને તેનું એક્ષટેન્શન દ્વારકા, સોમનાથ તથા પોરબંદર જેવા ધાર્મિક, પ્રવાસન સ્થળો અને બંદરોને જોડતાં "સોમનાથ દ્વારકા એક્સપ્રેસ-વે" તરીકે વિકસાવવામાં આવશે. આ અંગે મુખ્યમંત્રીએ બજેટ બાદ કહ્યું કે, ગુજરાતની દિશાને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને ૧૨ નવા હાઈસ્પીડ કોરિડોર વિકસાવવામાં આવશે. નમોશક્તિ એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રી વિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔદ્યોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે. એટલું જ નહિ, સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વેને અમદાવાદ, રાજકોટ અને દ્વારકા, સોમનાથ, પોરબંદર સાથે જોડવાના પ્રાવધાન અંગે જણાવ્યું હતું કે આ માર્ગોના વિકાસથી દ્વારકા અને સોમનાથ જતા પ્રવાસીઓને વધુ સરળ કનેક્ટિવીટી મળશે. આ ઉપરાંત રાજ્યમાં પ્રવાસીઓને વધુ સુવિધા પૂરી પાડવા માટે દાહોદ ખાતે નવા એરપોર્ટના નિર્માણની જાહેરાત તેમજ વડોદરા, સુરત, ભાવનગર અને પોરબંદર એરપોર્ટના અપગ્રેડેશન દ્વારા એરકનેક્ટિવીટી સુદ્રઢ કરવાની બાબતને પણ મુખ્યમંત્રીએ વધાવી હતી. રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા અંબાજી કોરિડોર અને ધરોઈ ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો વિકાસ કરાશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના વર્લ્ડ ક્લાસ ડેવલપમેન્ટને વધુ ગતિ આપવા માટે ૨૦૨૫ના સમગ્ર વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવશે. આ માટે સમગ્રતયા શહેરી વિકાસના બજેટમાં ૪૦%નો વધારો કરીને વધુ ૩૧ હજાર કરોડ રૂપિયા આ બજેટમાં ફાળવ્યા છે. આ સાથે જ નવી રચાયેલી મહાનગરપાલિકાઓ માટે માળખાકીય વિકાસ સહિતના કામો માટે આ બજેટમાં નાણાંકીય ફાળવણી કરવામાં આવી છે.

## દિલ્હી ઈન્ટરનેશનલ લેધર એક્સ્પોની ૬ઠ્ઠી આવૃત્તિ IICC, યશોભૂમિ ખાતે શરૂ કરવામાં આવી

કાઉન્સિલ ફોર લેધર એક્સપોર્ટ્સ (CLE) ૨૦ અને ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન ઈન્ડિયા ઈન્ટરનેશનલ કન્વેન્શન એન્ડ એક્સ્પો સેન્ટર (IICC), યશોભૂમિ, દ્વારકા, નવી દિલ્હી ખાતે દિલ્હી ઈન્ટરનેશનલ લેધર એક્સ્પો (DILEX) - રિવર્સ બાયર સેલર મીટ (RBSM ની ૬ઠ્ઠી આવૃત્તિનું આયોજન કરી રહી છે, જેમાં માર્કેટ એક્સેસ ઈનિશિયેટિવ (MAI) યોજના હેઠળ ભારત સરકાર દ્વારા નાણાકીય સહાય મળશે. આ ઐતિહાસિક આયોજન વૈશ્વિક ચામડા અને ફૂટવેર ઉદ્યોગમાં ભારતની સ્થિતિ મજબૂત કરવા માટે તૈયાર છે.

છઠ્ઠી આવૃત્તિમાં આશરે ૨૨૫ ભારતીય પ્રદર્શકોએ ૮,૦૦૦ ચોરસ મીટરના પ્રદર્શન વિસ્તારમાં તેમના નવીનતમ સંગ્રહો પ્રદર્શિત કર્યા છે, જે અગાઉની આવૃત્તિ કરતા નોંધ પાત્ર વધારો છે. તેની વૈશ્વિક પહોંચ પણ વધી છે, યુરોપ અને યુએસના મુખ્ય બજારો સહિત લગભગ ૫૨ દેશોમાંથી ૨૦૦થી વધુ વિદેશી ખરીદદારો આવ્યા છે, જે ગયા વખતે ફક્ત ૧૩૦ હતા. આ કાર્યક્રમ IICC ખાતે હોલ ૧મ્માં યોજાશે, જે એક વિશ્વ-સ્તરીય સ્થળ પ્રદાન કરે છે, જ્યારે ભારતીય ખરીદ ગૃહો, છૂટક વેપારીઓ અને વેપાર ખરીદદારોના ૫૦૦થી વધુ પ્રતિનિધિઓ સાથે મજબૂત સ્થાનિક જોડાણ સુનિશ્ચિત કરવામાં આવશે, જે વ્યાપક નેટવર્કિંગ તકોને પ્રોત્સાહન આપશે.

કાઉન્સિલ ફોર લેધર એક્સપોર્ટ્સ (CLE) દ્વારા આયોજિત દિલ્હી ઈન્ટરનેશનલ લેધર એક્સ્પો (DILEX)ના છઠ્ઠા સંસ્કરણના ઉદ્ઘાટન દરમિયાન વાણિજ્ય વિભાગના સંયુક્ત સચિવ શ્રી વિમલ આનંદે કહ્યું કે આ ઘટના ભારતની વૈશ્વિક વેપાર યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તેમણે નોંધ્યું કે કોવિડ પછીના પુનઃપ્રાપ્તિ તબક્કામાં, ભારતના ચામડા અને ફૂટવેર ઉદ્યોગે નિકાસનો વિસ્તાર કરીને અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે USD 7 rબલિયનના લક્ષ્ય સહિત તેના મહત્વાકાંક્ષી લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે દેશને સ્થાન આપીને અસાધારણ સ્થિતિસ્થાપકતા દર્શાવી છે. શ્રી આનંદે એ પણ જણાવ્યું હતું કે અનુકૂળ નીતિઓ જેમ કે વેટ બ્લુ લેધર પર આયાત ડ્યુટીમાં છૂટ અને MSME માટે વધેલી ક્રેડિટ ગેરંટી સાથે, ભારત ઉભરતા વૈશ્વિક પરિવર્તનનો લાભ લેવા માટે સારી સ્થિતિમાં છે - ખાસ કરીને ભૂરાજકીય ફેરફારો અને ટેરિફ ગોઠવણો અને "ચીન પ્લસ વન" માંગ સહિત નવી બજાર ઍક્સેસ તકોને ધ્યાનમાં રાખીને.

DILEX ૨૦૨૫ના ઉદ્ઘાટન પ્રસંગે કાઉન્સિલ ફોર લેધર એક્સપોર્ટ્સના ચેરમેન શ્રી આર.કે. જાલાને જણાવ્યું હતું કે, "દિલ્હી ઈન્ટરનેશનલ લેધર એક્સ્પો (DILEX) ૨૦૨૫ની 6ઠ્ઠી આવૃત્તિ વિકસતા ભૂ-રાજકીય પરિદૃશ્ય વચ્ચે વૈશ્વિક ચામડા અને ફૂટવેર ક્ષેત્ર માટે દરવાજા ખોલે છે. જેમ જેમ વિશ્વ રોગચાળામાંથી બહાર આવી રહ્યું છે અને રશિયા-યુક્રેન સંઘર્ષ, ટ્રમ્પ ટેરિફ યુગ અને ચીનની આક્રમક વેપાર નીતિઓ જેવા વિક્ષેપોનો સામનો કરી રહ્યું છે, તેમ ભારતના ચામડા ઉદ્યોગે સ્થિતિસ્થાપકતા દર્શાવી છે, સતત મહિનાઓનો વિકાસ હાંસલ કર્યો છે. સકારાત્મક માર્ગ સાથે અમે વાણિજ્ય વિભાગના USD 7 બિલિયનના નિકાસ લક્ષ્ય સુધી પહોંચવાનો અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં ભારતને ટોચના ૫ વૈશ્વિક નિકાસકારોમાં સ્થાન આપવાનું લક્ષ્ય રાખીએ છીએ.

ભારત વૈશ્વિક ફૂટવેર અને ચામડાના બજારમાં પોતાનો પ્રભાવ વધારી રહ્યું છે, ત્યારે DILEX 2025 આંતરરાષ્ટ્રીય વેપાર અને સહયોગને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ ઈવેન્ટ આમને-સામને બિઝનેસ મીટિંગની સુવિધા આપે છે, જેનાથી ઉત્પાદકો અને નિકાસકારો આંતરરાષ્ટ્રીય ખરીદદારો સાથે સીધા જોડાઈ શકે છે, જેનાથી વ્યવહારુ સોર્સિંગ વિકલ્પોની શોધ થઈ શકે છે.

**ભારતીય સંસ્કૃતિમાં ચાર વેદને ખૂબ જ મહત્વ આપવામાં આવે છે, અને આપણે સૌ કોઈ જાણીએ છીએ કે વેદ સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ થયાં હતાં**

# શંકરાચાર્યનાં પંચ સાધન ક્રમનું પ્રથમ સૂત્ર "વેદો નિત્યધીયતામ્" જીવને જીવનમુક્ત બનાવે છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**જીવ ગમે તેટલો સંસ્કારી હોય, અને કંઈ ખોટું ન કરવું એની માટે સંકલ્પિત હોય, પરંતુ સમાજ આવા લોકોની બહુ કસોટી કરે છે. તો ક્યારેક સંજોગો પણ વિપરીત થવાની પુરેપુરી શક્યતા રહે છે, આવાં સમયે વૈદિક શાસ્ત્રનું નિત્ય અધ્યયન કરનાર જાગૃત રહીને પોતાનાં નૈતિક મૂલ્યોને ભૂલતો નથી, એટલે કે જીવનને અસત્યના માર્ગે જતું રોકવા માટે જાગૃતિ બહુ જરૂરી છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ભારતીય સંસ્કૃતિની મુખ્ય પ્રણાલી તારીખે પાઠ અને પૂજા છે! જે લગભગ દરેક ઘરમાં કોઈ નેં કોઈ રીતે થતી હોય છે. કારણકે ભારતીય સનાતન ધર્મ મુક્તિ અને ભક્તિ બંનેને જીવતાં જ માણવાં કહે છે. ભક્તિ તો હજી સમજાય પણ મુક્તિ! જીવનમુક્ત જીવવા માટે ઘણાં સંતો મહંતો એ ઘણી વાત કહી. જગતગુરુ શંકરાચાર્ય એ પંચદેવની પૂજા, તેમજ માનસિક પૂજા ઉપ રાંત પંચસાધન ક્રમ નામની પણ એક સુંદર વાત કહી જેના દ્વારા સંસારી જીવ જીવતે જીવ જીવનમુક્ત અવસ્થામાં જીવી શકે, તો આજે આપણે એ પંચ સાધન ક્રમનું પ્રથમ સૂત્રઃ- "વેદો નિત્યધીયતામ્" કે જેમાં નિત્ય વેદનું અધ્યયન કરવું એમ કહ્યું, ભારતીય સંસ્કૃતિમાં ચાર વેદને ખૂબ જ મહત્વ આપવામાં આવે છે, અને આપણે સૌ કોઈ જાણીએ છીએ કે વેદ સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ થયાં હતાં. એટલે વેદના અધ્યયનથી લાભ થાય છે, પણ બાપુએ ઘણીવાર કહ્યું છે કે ભગવતગીતા મહાભારત કે રામાયણનું અધ્યયન કરવાથી પણ જગતગુરુ શંકરાચાર્યના પ્રથમ સૂત્રનું પાલન થાય છે. અથવા તો વેદપાઠ તરીકે એ પણ આપણે કરી શકાય. પરંતુ કોઈપણ શાસ્ત્રોનું અધ્યયન શું કામ કરવું જોઈએ? એવો એક પ્રશ્ન થાય તો, એને વિષે થોડું વિશ્લેષણ કરીએ. સામાન્ય રીતે વેદની વાત કહી છે, તો આપણે ત્યાં મુખ્ય ચાર વેદ છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, પરંતુ એક વિચાર એ પણ આવે કે આ વેદની ઉત્પત્તિ થઈ શું કામ? વેદમાં પૃથ્વી પર માનવ જન્મ લઈને આવનાર જીવને કઈ રીતે જીવન જીવવું જોઈએ એ વિશેની વાતો ઉપદેશ રૂપે કહેવામાં આવી છે, અને એટલે જ તેના સાર તારીખે ઉપનિષદનું નિર્માણ પણ થયું છે. એટલે વેદનું અધ્યયન કરવાથી મુખ્ય ચાર ઉપલબ્ધિ પ્રાપ્ત થાય, અને એના દ્વારા જીવન સત્યમ શિવમ સુન્દરમ બને, આ તેનો મુખ્ય હેતુ છે. સૌ કોઈ અહીં પોતાના જીવનને મધુર, સરળ, અને સુંદર, સહજ, બનાવવા માંગતું હોય છે. કોઈ એની માટે ભોગની પસંદગી કહે છે, તો કોઈ એને માટે યોગની પસંદગી કરે છે. પરંતુ મુખ્ય હેતુ તો કાયમી સુખ કે આનંદ પ્રાપ્ત કરવાનો જ છે. તો વેદ કે પછી કોઈ અન્ય વૈદિક ગ્રંથના અધ્યાયથી જીવને મુખ્ય ચાર ઉપલબ્ધિ પ્રાપ્ત થાય છે,તે કઈ છે એ પ્રશ્ન થાય તો. ૧:- જીવને સુસંસ્કૃત બનાવે છે. આપણી સંસ્કૃતિએ જેને વૈદિક ગણ્યાં છે, એવાં કોઈપણ ગ્રંથનું નિત્ય અધ્યયન કરવામાં આવે તો એ જીવને સુસંસ્કૃત બનાવે છે. એટલે કે સંસ્કૃત એક ભાષા તરીકે માત્ર ન ગણતાં સંસ્કારોથી ભરે છે. આપણી મૂળ સંસ્કૃતિનાં સંસ્કારને ઉજાગર કરે છે, નીતિ અને પ્રમાણિકતાના મૂલ્યનું મહત્વ સમજાવે છે, તેમજ આ નૈતિક મૂલ્યોને જીવનમાં પ્રસ્થાપિત કરે છે. એટલે કે કોઈ પણ વૈદિક ગ્રંથોનું અધ્યયન કરનાર પોતાના જીવનમાં ખોટું નહીં કરે, સત્યના માર્ગ પર જ તે ચાલશે. તેમજ આપણી સંસ્કૃતિનાં ચારેચાર મુખ્ય સંસ્કારનું વહન કરીને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી પણ સ્વીકારશે. એટલે કે સમાજ તેની સાથે શું કરે છે! તે જોયા વગર તે પોતાનાથી થાય તેટલું તેને મદદરૂપ થવાની કોશિશ કરીને પોતાના જીવનને સ્વચ્છતા, સાદગીપૂર્ણ સંસ્કારથી ઉજ્જવળ બનાવશે. ૨:- જીવને જાગૃત બનાવે છે. જીવ ગમે તેટલો સંસ્કારી હોય, અને કંઈ ખોટું ન કરવું એની માટે સંકલ્પિત હોય, પરંતુ સમાજ આવા લોકોની બહુ કસોટી કરે છે. તો ક્યારેક સંજોગો પણ વિપરીત થવાની પુરેપુરી શક્યતા રહે છે, આવાં સમયે વૈદિક શાસ્ત્રનું નિત્ય અધ્યયન કરનાર જાગૃત રહીને પોતાનાં નૈતિક મૂલ્યોને ભૂલતો નથી. એટલે કે જીવનને અસત્યના માર્ગે જતું રોકવા માટે જાગૃતિ બહુ જરૂરી છે, અને આ જાગૃતિ આપણને અધ્યયનથી પ્રાપ્ત થાય છે. બાકી આજનો સમાજ બૌદ્ધિકતાની રીતે ખૂબ જ શ્રેષ્ઠ છે, અને દરેકને મોટાભાગે ખબર હોય છે કે આ સાચું આ ખોટુ, આ સારું આ ખરાબ, છતાં પણ જાગૃતિના અભાવને કારણે ખોટા પંથે યાત્રા આગળ વધે છે, અને પરિણામે બહુ દૂર સુધી પહોંચી ગયા પછી, માત્ર પસ્તાવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી, એટલે સમયે જાગવું અને જાગી ગયા પછી જાગૃત રહેવા માટે અધ્યયન ખૂબ જ જરૂરી છે. ૩:- જીવ ને પ્રાકૃત બનાવે છે. પ્રાકૃત એટલે સહજ,ઘણીવાર એવું થાય કે પંડિત તો બની જવાય એટલે કે શાસ્ત્રોનું અધ્યયન કરીને વિદ્વાન બન્યાં, પરંતુ એ પદને પચાવી શકતા નથી, એટલે બુદ્ધિની આ કક્ષાએ ખતરો છે, પદ પ્રતિષ્ઠા ખતરનાક સાબિત થાય છે. લોકો પ્રશંસા કરે કે ભાઈ તમે તો ખૂબ વિદ્વાન છો, તો અહમ આવવાની પૂરેપૂરી શક્યતા છે. પરંતુ નિત્ય વૈદિક શાસ્ત્રનું અધ્યયન પ્રાકૃત કે સહજ બનાવે છે. નિત્ય વૈદિક શાસ્ત્રનું અધ્યયન કરવાથી પદ પ્રતિષ્ઠાનાં અહંકારથી દૂર રહીને સમાજમાં નાનામાં નાના માણસ સાથે તે સજ્જન થઈને જીવતાં જોવા મળે છે. નિત્યનું અધ્યયન તેને સહજ બનાવે, જતું કરતાં શીખવે,અને માર્ગ ભ્રષ્ટ થવા દેતું નથી, અથવા તો તેની બુદ્ધિને સ્થિતપ્રજ્ઞ રાખે છે. ૪:-જીવ ને આકૃત બનાવે છે. સામાન્ય રીતે આકૃત એટલે કે આકૃતિ કે દેહાકૃતિની વાત નથી, છતાં એ પણ સૌમ્ય બને છે. એટલે કે ભોગ તરફથી યોગ તરફ ગતિ થઈ હોવાથી, જીવન સંયમિત બને છે, અને સૌમ્ય બને છે. પરંતુ આકૃત એટલે જીવન વિશેની એક સ્પષ્ટ વ્યાખ્યા બની જાય છે. એટલે કે કેવું જીવન હોવું જોઈએ એમ નહીં, જીવન જ વેદના કહ્યાં અનુસારનું વૈદિક બને છે. ઘણીવાર કોઈ બુદ્ધ પુરુષ જતાં હોય અથવા તો એના દર્શન કરીએ, ત્યારે આપણને સાક્ષાત વેદ રૂપે હોય તેવું લાગે, એટલે કે વેદમાં જે વાત કહી છે તેનું પ્રતિપાદન કરનારી આકૃતિ માનવ સ્વરૂપે બને. આ કક્ષાએ પહોંચવું ખૂબ જ કઠિન છે, પરંતુ નિત્ય અધ્યયન કરવાથી કંઈ જ મુશ્કેલ નથી. આ વાત નાનકડા એક ઉદાહરણ પરથી સમજીએ. આપણે સૌએ નદીને વહેતી જોઈ છે, કોઈએ નદી ક્યાંય રોકાઈ ગઈ હોય તેવું જોયું છે? હા સમુદ્રમાં સમાઈ ગઈ હોય, એ એક વાત જુદી છે. બાકી સમુદ્ર તરફની તેની દોડ અવિરત છે, એ આપણે સૌ કોઈ જાણીએ છીએ. એટલે કે સમર્પણની નિષ્ઠા તેને જીવનમાં લક્ષ્ય તરફ ગતિ કરવા માટેનું બળ આપે છે, બાકી કેટલા કેટલા અવરોધો આવે છે તેનાં માર્ગમાં! એટલે કે મોટા મોટા પથ્થરો, ઝાડી ઝાંખરા આવે, છતાં નદી તેનો માર્ગ કરીને આગળ વધતી જ રહે છે, અને પથ્થરને પણ તોડી ફોડીને તે આગળ વધતી જ રહે છે. બસ એ જ રીતે મુખ્ય ધ્યેયને પામવાં એટલે કે જીવનને મધુર, સરળ, સહજ, તેમજ આનંદરૂપ બનાવવા માટે સત્યનિષ્ઠ બનીએ, તો આ ચારેચાર ઉપલબ્ધિ આપણને પ્રાપ્ત થાય છે, અને એની માટે માત્ર ને માત્ર એક જ સાધન અને એ પણ નિયત માત્રામાં વૈદિક શાસ્ત્રનું અધ્યન કરીએ, તો જીવનમાં આ ચારેચાર ઉપલબ્ધિ આપણે પ્રાપ્ત કરી શકીએ, અને એના દ્વારા જીવનને સુંદર મધુર સરળ અને આનંદરૂપ બનાવી શકીએ, જે જીવતેજીવ જીવન-મુક્તિની ઉદ્ઘોષણા કરનારું તેમજ પરમ આનંદ અને પરમ વિશ્રામ આપનારું છે. આપણે જીવનની આંટીઘૂંટીઓ તેમજ ગતિવિધિ માંથી પસાર થતાં થતાં એટલા બધા થાકી ગયા છીએ, કે આજે હવે એમ લાગે કે ખરેખર વ્યવહાર, તહેવાર, અને બીજા બધા અન્ય અહમ, આગ્રહના, કારણે આપણે જીવનને ખૂબ જ જટિલ બનાવી દીધું છે, હકીકતમાં એટલે જ થાક લાગે છે. તો જન્મો જનમનો થાક ઉતારવા માટે સદગુરુ ભગવાન આદિદેવ જગતગુરુ શંકરાચાર્યનું આ પંચ સાધન ક્રમનું પહેલું સૂત્ર અપનાવી, અને આપણાં જીવનને આ ચાર ઉપલબ્ધિથી સુંદર બનાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ભક્તિ માર્ગ સહેલો છે પરંતુ ભક્તિમાર્ગ અતિ કઠણ છે, મર્યાદાનું, ધર્મનું પાલન કર્યા વગર, ચિત્તશુદ્ધિ થયા વિના ચિત્તમાં ભક્તિનો ઉદય થતો નથી**

# શબ્દો અને શસ્ત્રો વચ્ચેનો તફાવત એ છે કે શસ્ત્રો શરીરને ઈજા પહોંચાડે છે અને શબ્દો આત્માને ઈજા પહોંચાડે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**પૂર્વજન્મનું પ્રારબ્ધ ભોગવીને પૂરું કરવાનું છે પણ નવું પ્રારબ્ધ ઊભું કરશો નહીં, આત્મા પરમાત્માનો અંશ છે, જીવાત્મા શરીરથી જુદો છે, એ બ્રાહ્મણ નથી, વૈશ્ય નથી, સ્ત્રી નથી કે પુરુષ નથી, આત્મસ્વરૂપનું ભાન અને દેહનું વિસ્મરણ થાય તો મનુષ્યને જીવતાં જ મુક્તિ મળે છે, મનુષ્ય જગત નથી એવો અનુભવ થાય છે, પણ હું નથી એવો અનુભવ થતો નથી, અહમનું વિસ્મરણ કદી થતું નથી.**

આજે માતૃભાષા દિવસ પ્રસંગે સૌને શુભકામનાઓ સાથે મહા શિવરાત્રીની તૈયારીઓ પુરજોશ માં ચાલી રહી છે ધોરણ ૧૦-૧૨ ના વિદ્યાર્થી ભાઈ બહેનોની પરીક્ષા તે દિવસ પછી શરૂ થશે આપણે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો લોકો માને છે કે,ભક્તિ માર્ગ સહેલો છે પરંતુ ભક્તિમાર્ગ અતિ કઠણ છે. મર્યાદાનું, ધર્મનું પાલન કર્યા વગર, ચિત્તશુદ્ધિ થયા વિના ચિત્તમાં ભક્તિનો ઉદય થતો નથી. ભક્તિ પતિ સાથે લગ્ન થયા પછી એક કન્યા અને સાત છોકરાઓ થયાં. પહેલી કન્યા થઈ તે ભક્તિ. કથા શ્રવણમાં રુચિ, સત્સંગમાં રુચિ. આ કન્યા પ્રમાણે ભક્તિનો જન્મ થયો. તે પછી સાત પુત્રો થયા. સાત પુત્રો તે ભક્તિનાં સાત પ્રકાર છેઃ શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય. એમ સાત પ્રકારની ભક્તિ સિદ્ધ થઈ. ભગવાનનાં નામ, રૂપ, ગુણ, પ્રભાવ, લીલાનું કાનથી શ્રવણ, મુખથી કીર્તન અને મનથી સ્મરણ કરતાં અનુક્રમે શ્રવણ, કીર્તન અને સ્મરણ ભક્તિ સિદ્ધ થયાં. ભગવાનની સેવા કરવાથી અર્ચન ભક્તિ સિદ્ધ થઈ. ભગવાનની મૂર્તિને વંદન કરવાથી ભક્તિ સિદ્ધ થઈ. સાત સાત પ્રકારની ભક્તિ મનુષ્ય પ્રયત્ન કરવાથી પ્રાપ્ત કરી શકે છે, પરંતુ આઠમી સખ્ય અને નવમી આત્મનિવેદન ભક્તિ પ્રભુ જેના ઉપર કૃપા કરે છે તેને જ મળે છે. શ્રવણાદિ સાત પ્રકારની ભક્તિ સિદ્ધ કર્યા પછી પોતાનું મરણ થતાં દુઃખી થયેલી તે કન્યાને પરમાત્માએ સદ્ગુરુ રૂપે આવી બોધ કર્યો. ભક્તિના સાતે પ્રકારો સિદ્ધ થાય તે પછી પરમાત્મા સખ્યનું, આત્મનિવેદનનું દાન કરે છે. એટલે જે મિત્રને, અવિજ્ઞાતને આ જીવ માયાથી - ભૂલી ગયો હતો તે સદ્ગુરુ તરીકે આવ્યા એટલે અવિજ્ઞાનરૂપ પરમાત્મા ત્યાં આવ્યા અને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો કે, તું મને છોડી ગયો, મારાથી વિખૂટો પડયો અને નવ દ્વારવાળી નગરીમાં રહેવા ગયો ત્યારથી દુઃખી થયો છે. તું તારા સ્વરૂપને ઓળખતું કોણ છે તે તું જ તે છે, તે જ તું છે. તું મારો મિત્ર છે, મારો અંશ છે. મારું સ્વરૂપ છે. તું સ્ત્રી નથી, પુરુષ નથી, તું મારી સામું જો તો ખરો! પુરંજન પ્રભુ સન્મુખ થયો. જીવ-બ્રહ્મનું મિલન થયું. જીવ કૃતાર્થ થયો. રાજા તું જ પુરંજન છે. તું અનેક વખત સ્ત્રી થયો, અનેક વખત પુરુષ થયો, તો પણ તને તૃપ્તિ થતી નથી. હજુ જગત માં કેટલું ભટકવું છે? પરમાત્માનો આશ્રય લઈ પ્રભુનું ચિંતન કરતાં પ્રભુના સ્વરૂપમાં લીન થઈશ તો તું કૃતાર્થ થઈશ. 'મહારાજની ભક્તમાળમાં અમર દાસજીની કથા આવે છે.એક વખત અમર દાસજીએ માતાજીને પૂછ્યું, મા,તારાં લગ્ન વખતે હું કયાં હતો?માએ કહ્યું, બેટા, મારા લગ્ન પછી તારો જન્મ થયો છે. અમરદાસજીએ કહ્યું, મા, તું ખોટું કહે છે. તે વખતે હું ક્યાંક હતો જ. મારું અસલી ઘર ક્યાં છે?આ બુદ્ધિ જાણતી નથી કે,મારું અસલી ઘર ક્યાં છે. તેથી જગત માં ભટકે છે. નારદજીએ પ્રાચીન બર્હિરાજાને પુરંજન આખ્યાન કહી સંભળાવ્યું વિષયમાં જીવ એટલો ફસાયા છે કે હું કોણ છું તેનો તે વિચાર કરતો નથી,તો તે પરમાત્મા ને તો ક્યાંથી જાણી શકે? જે પોતાની જાતને જાણતો નથી તે પરમાત્માને કેમ કરી જાણવાનો? કથા કહી પ્રાચીન બર્હિરાજાને આનંદ થયો છે. ભગવાનનું ચિંતન કરતાં તે ભગવાનમાં લીન થયા. મનુષ્યને પોતાના દોષનું ભાન કરાવે છે અને ભાન કરાવી તે દોષો છોડાવે છે. પૂર્વજન્મનું પ્રારબ્ધ ભોગવીને પૂરું કરવાનું છે પણ નવું પ્રારબ્ધ ઊભું કરશો નહીં. આત્મા પરમાત્માનો અંશ છે. જીવાત્મા શરીરથી જુદો છે, એ બ્રાહ્મણ નથી, વૈશ્ય નથી, સ્ત્રી નથી કે પુરુષ નથી. આત્મસ્વરૂપનું ભાન અને દેહનું વિસ્મરણ થાય તો મનુષ્યને જીવતાં જ મુક્તિ મળે છે. મનુષ્ય જગત નથી એવો અનુભવ થાય છે, પણ હું નથી એવો અનુભવ થતો નથી. અહમનું વિસ્મરણ કદી થતું નથી. પ્રચેતાઓએ દસ હજાર વર્ષ નારાયણ સરોવરના કિનારે જપ કરેલા. ત્યારે તેઓની સમક્ષ નારાયણ ભગવાન પ્રગટ થયેલા. રામદાસ સ્વામીએ દાસબોધમાં અનુભવ ઉપરથી લખેલું કે, તેર કરોડ જપ કરવાથી ઈશ્વરના સાક્ષાત્ દર્શન થાય છે. જપથી પૂર્વજન્મનાં પાપ બળે છે. ફળ તરત જોવામાં ન આવે તો માનવું કે પૂર્વજન્મનાં પાપ હજુ બાકી છે, તેનો નાશ થઈ રહ્યો છે. તે વિશે વિદ્યારણ્ય સ્વામીનું દૃષ્ટાંત સમજવા જેવું છે. વિદ્યારણ્ય સ્વામીની સ્થિતિ ગરીબ હતી. અર્થ પ્રાપ્તિ માટે તેમણે ગાયત્રી મંત્રનાં ચોવીસ પુરશ્ચરણ કર્યા, પરંતુ અર્થપ્રાપ્તિ ન થઈ, તેથી કંટાળી તેમણે સંન્યાસ લીધો. તે વખતે તેમને ગાયત્રી માતાનાં દર્શન થયાં. ગાયત્રી માતાએ કહ્યું, માગ, માગ, તારા ઉપર પ્રસન્ન છું. વિદ્યારણ્ય સ્વામી ગાયત્રી માતાને કહે છે, માતાજી, જ્યારે જરૂર હતી ત્યારે તમે મારા પર કેમ પ્રસન્ન ન થયાં? ગાયત્રી માતા કહે છે,તું જપાછળ જો!વિદ્યારણ્ય સ્વામીએ પાછળું જોયું તો તેમણે ચોવીસ પહાડોને બળતા જોયા. માતાજીએ કહ્યું, તારાં અનેક જન્મોનાં પાપો તપશ્ચર્યાથી બળી રહ્યાં છે. ચોવીસ પર્વતો જેટલાં તારાં પાપોનો ક્ષય થયો એટલે હું તરત આવી જ્યાં સુધી પાપનો ક્ષય ન થાય અને જીવ શુદ્ધ ન થાય,ત્યાં સુધી મારાં - દર્શન થતાં નથી. વિદ્યારણ્ય કહે, માતાજી, હું શુદ્ધ થયો છું.મારે હવે કાંઈ માગવું નથી, તે પછી તેમણે પંચદશી નામના વેદાંતનો ઉત્તમ ગ્રંથ લખ્યો. પ્રચેતાઓને ભગવાન નારાયણનાં દર્શન થયાં. નારાયણે આજ્ઞા કરી કે, તમે લગ્ન કરો. આ જીવાત્મા અનેક જન્મોથી કામવાસના ભોગવતો આવ્યો છે. તે કામસુખ ની સૂક્ષ્મ વાસના - લગ્નથી દૂર થાય છે. ગૃહસ્થાશ્રમનું વાતાવરણ એવું છે કે, વિષમતા કર્યા વગર ચાલતું નથી.જે એક આસને ન બેસીને રોજ ત્રણ કલાક ભાગવત સ્મરણ કરે તેને ભગવાન પાપ કરતાં અટકાવે છે. ભગવાન તમારી પાસે સંપત્તિ માગતા નથી, પણ સમય માગે છે. તેમને માટે સમય કાઢવો જોઈએ. પાપ કરતાં મનને ખટકો લાગે,તો સમજવું કે પ્રભુની પૂર્ણ કૃપા થઈ છે. પાપ ન કરો એ જ મહાન પુણ્ય છે. પાપની મા છે મમતા અને બાપ છે લોભ.તેનો ત્યાગ કરજો. પ્રભુ સેવામાં જગત સેવા છે.પ્રભુ સેવા વગર દેશસેવા પણ સફળ થશે નહીં.માટે રઘુનાથની કૃપા મેળવવા હંમેશા પ્રયત્ન કરવો કારણ આકાશમાં જેટલા તારા છે એટલા દુશ્મનો હશે તો પણ રામજીની કૃપાથી મારો વાળ વાંકો નહીં થાય. પરોપકારથી ઈશ્વરપ્રાપ્તિ થતી નથી.ઘણીવાર પરોપકાર ઈશ્વર પ્રાપ્તિમાં બાધક નીવડે છે ભરત મુનિની જેમ.મનુષ્યના દુઃખનું કારણ તેનો સ્વભાવ છે. સ્વભાવને સુધારવો કઠણ છે. તીર્થસ્થાન થી, વિષ્ણુયોગ કરવાથી સ્વભાવ સુધરતો નથી. પણ પરમાત્માનાં ધ્યાન, જપથી સ્વભાવ સુધરે છે. પાપની આદત ભગવાનના નામના જપથી અને આખરે ભાગવત કૃપા થવાથી છૂટે છે. પાછળ આપો, તો બાકીના એકવીસ કલાક હું તમારું ધ્યાન રાખીશ.જે પુરૂષો સમર્પણ બુદ્ધિ થી જમચેતાઓના ચરિત્રમાં ગૃહસ્થોને કરે છે અને જેઓનો સમય મારી કર્થા-વાર્તાઓ કરવામાં પસાર થાય છે. તેઓ ગૃહસ્થાશ્રમમાં રહે તો પણ ઘર તેમને બંધનરૂપ થતું નથી. એનો અર્થ એ કે બાકીનાને ઘર બંધન રૂપ થાય છે. સંતતિ અને સંપત્તિ દરેકને પૂર્વના પ્રારબ્ધ કર્મ અનુસાર મળે છે,તેથી તેમાં મનુષ્યે હર્ષશોક કરવો નહીં. તેની ચિંતા છોડી ભાગવત ભજનમાં લાગી જવું.મન શુદ્ધ થાય ત્યારે જાણજો કે, ઈશ્વરકૃપા થઈ. બાકી મનુષ્ય વૃત્તિ એરણની ચોરી કરી સોયનું દાન કરવાની હોય છે. એવી વૃત્તિ છોડવી જોઈએ અને માટી, પથ્થર અને સોનું સરખાં ગણવાન દૃષ્ટિ કેળવવી જોઈએ.રાંકા બાંકા જેવી અનાસક્તિ કેળવવી જોઈએ. અને છેલ્લે જોઈએ તો દક્ષિણમાં એક શક્તિશાળી રાજાનું રાજ્ય હતું. રાજાને ત્રણ પુત્રો હતા. એક દિવસ, રાજાએ વિચાર્યું કે તેના પુત્રોને એવું શિક્ષણ આપવું જોઈએ કે જ્યારે સમય આવે ત્યારે તેઓ રાજ્યના કામકાજ સંભાળી શકે. આ વિચાર મનમાં રાખીને,રાજાએ પોતાના બધા પુત્રોને દરબારમાં બોલાવ્યા અને કહ્યું,દીકરાઓ, આપણા રાજ્યમાં એક પણ નાસપતીનું ઝાડ નથી, હું ઈચ્છું છું કે તમે બધા ચાર મહિનાના અંતરાલ પર આ ઝાડ ની શોધમાં જાઓ અને તે કેવું દેખાય છે તે શોધો. રાજાની પરવાનગી મળ્યા પછી, ત્રણેય પુત્રો એક પછી એક ગયા અને પાછા ફર્યા.જ્યારે બધા પુત્રો પાછા ફર્યા, ત્યારે રાજાએ ફરીથી બધાને દરબારમાં બોલાવ્યા અને તેમને તે વૃક્ષ વિશે જણાવવા કહ્યું, પહેલા દીકરાએ કહ્યું,પિતાજી,તે ઝાડ સાવ વાંકો અને સુકાઈ ગયું હતું. ના-ના, તે સંપૂર્ણપણે લીલું હતું, પણ કદાચ કંઈક ખૂટતું હતું કારણ કે તેના પર એક પણ ફળ નહોતું. બીજા દીકરાએ પહેલા દીકરાને અટકાવીને કહ્યું. પછી ત્રીજા દીકરાએ કહ્યું, ભાઈ, એવું લાગે છે કે તમે પણ ખોટું ઝાડ જોયું કારણ કે મેં ખરેખર એક નાસપતીનું ઝાડ જોયું હતું, તે ખૂબ જ સુંદર હતું અને ફળોથી ભરેલું હતું. અને ત્રણેય દીકરાઓ પોતપોતાની બાબતો અંગે એકબીજામાં દલીલ કરવા લાગ્યા. પછી રાજા પોતાના સિંહાસન પરથી ઉભા થયા અને કહ્યું,દીકરાઓ,તમારે અંદરોઅંદર દલીલ કરવાની કોઈ જરૂર નથી, હકીકતમાં તમે ત્રણેય વૃક્ષનું સાચું વર્ણન કરી રહ્યા છો.મેં તમને જાણી જોઈને અલગ અલગ ઋતુઓમાં વૃક્ષો શોધવા મોકલ્યા હતા અને તમે જે જોયું તે તે ઋતુ અનુસાર હતું. આ અનુભવના આધારે,હું ઈચ્છું છું કે તમે ત્રણ વાતો યાદ રાખો... સૌ પ્રથમ, જો તમારે કોઈ વસ્તુ વિશે સાચી અને સંપૂર્ણ માહિતી જોઈતી હોય તો તમારે લાંબા સમય સુધી તેનું અવલોકન અને અભ્યાસ કરવો જોઈએ.પછી ભલે તે કોઈ વ્યવસાય હોય, વિષય હોય,વસ્તુ હોયકે પછીકોઈ વ્યક્તિ હોય. બીજું,દરેક ઋતુ એક સરખી હોતી નથી. જેમ કોઈ ઝાડ સુકાઈ જાય છે,લીલું રહે છે અથવા ઋતુ પ્રમાણે ફળોથી લદાય છે,તેવી જ રીતે વ્યવસાય અને માનવ જીવનમાં ઉતાર- ચઢાવ આવે છે.તેથી,જો તમે ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા છો,તો તમારી હિંમત અને ધીરજને અકબંધ રાખો. સમય ચોક્કસ બદલાય છે.અને ત્રીજી વાત એ છે કે તમારા પોતાના અભિપ્રાયને સાચા તરીકે સ્વીકારો તેના પર વળગી ન રહો,તમારું મન ખોલો, અને બીજા લોકોના મંતવ્યો પણ સાંભળો. આ દુનિયા જ્ઞાનથી ભરેલી છે, જો તમે ઈચ્છો તો પણ,તમે એકલા બધું જ્ઞાન મેળવી શકતા નથી, તેથી મૂંઝવણના કિસ્સામાં કોઈ જાણકાર વ્યક્તિની સલાહ લેવામાં અચકાશો નહીં. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

### ન્યુઝ બોક્સ

## પશ્ચિમ બંગાળમાં ભયંકર વાવાઝોડાએ તોફાન મચાવ્યું



। (એજન્સી) કોલકાતા, તા.૨૦ ।

પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાએ ફરી તોફાન મચાવ્યું છે. ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના ગાયઘાટ વિસ્તારમાં મંગળવારે બપોરે અચાનક આવેલા વાવાઝોડાના કારણે મસમોટું નુકસાન થયું છે. ભારે પવન અને કરા પડવાના કારણે ઉપ કાચા મકાનો ધરાશાઈ થયા છે, જેમાં અનેક લોકોને ઈજા થઈ છે. આ આફતમાં ખેડૂતોના પાકને પણ ભારે નુકસાન થયું છે. મીડિયા રિપોર્ટ મુજબ, સ્થાનિકોએ કહ્યું કે, 'વાવાઝોડું એટલું ઝડપી અને ભયંકર હતું કે, અમને બચવાનો પણ સમય ન મળ્યો. થોડી જ મિનિટોમાં અનેક ઘરોની છત ઉડી ગઈ, દિવાલો તૂટી ગઈ અને ખેતરોનો પાક નાશ પામ્યો. આ વાવાઝોડાએ બધું જ નષ્ટ કરી નાખ્યું. ખેતરોમાં પાણી ભરાઈ જતાં પાક સંપૂર્ણ નાશ પામ્યો. અમારા કેટલાક પશુઓ પણ વાવાઝોડાની ઝપેટમાં આવતા મૃત્યુ પામ્યા.'

## એકનાથ શિંદેને મળી જાનથી મારી નાખવાની ધમકી



। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ છે. કોઈ અજાણ્યા વ્યક્તિએ મંત્રાલય, જે.જે.માર્ગ પોલીસ સ્ટેશન અને ગોરેગાંવ પોલીસને ઈ-મેઈલ મોકલી શિંદેની ગાડીને બોમ્બથી ઉડાવવાની ધમકી આપી છે. ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યા બાદ પોલીસ તંત્ર દોડતું થઈ ગયું છે અને ઈ-મેઈલ મોકલનાર વ્યક્તિને પકડી પાડવા તપાસ શરુ કરી દીધી છે. વાસ્તવમાં દિલ્હીમાં આજે નવા મુખ્યમંત્રીનો શપથગ્રહણ સમારોહ યોજાયો હતો, જેમાં એકનાથ શિંદે પણ સામેલ થયા છે. ધમકી મળ્યા બાદ શિંદેની સુરક્ષા-વ્યવસ્થા કડક કરી દેવામાં આવી છે. પોલીસે ધમકી આપનાર શખસને શોધવા તપાસ શરૂ કરી દીધી છે. આ ઉપરાંત સુરક્ષા વ્યવસ્થા પર એલર્ટ મોડ પર આવી ગઈ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ હૉક્સ કૉલ (મેઈલ) છે. આ પહેલા જાન્યુઆરી-૨૦૨૫માં ૨૪ વર્ષના એક યુવકે એકનાથ શિંદેને જાનથી મારી નાખવા માટે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી.

## બીમાર માને ઘરમાં પુરીને કુંભમાં ન્હાવા નીકળી ગયો તેનો દીકરો



। (એજન્સી) રામગઢ, તા.૨૦ ।

ઝારખંડના રામગઢ જિલ્લામાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. હકીકતમાં જોઈએ તો, ઝારખંડમાં કુંભ સ્નાન કરવા ગયેલા દીકરાએ પોતાની માતાને ઘરમાં કેદ કરી દીધા. દીકરાએ માતાને ઘરમાં ખાવાના નામ પર ખાલી ભાત મૂકીને ગયો હતો. આખરે ભાત ખતમ થઈ જતાં વૃદ્ધ સંજૂ દેવી લાચાર થઈને પ્લાસ્ટિક ખાવા મજબૂર બની. હવે આ મામલો સામે આવ્યા બાદ લોકો પણ ચોંકી ગયા છે. હકીકતમાં જોઈએ તો, પ્રયાગરાજમાં ચાલી રહેલા કુંભ સ્નાન માટે એટલી ભીડ લાગી રહી છે કે લોકો પોતાના સંબંધની પણ ચિંતા કરતા નથી. આવી જ એક તસવીર રામગઢ જિલ્લામાંથી સામે આવી છે. અહીં આવેલા સીસીએલ અરગડ્ડાના સુભાષ નગર કોલોનીમાં એક કળિયુગી દીકરાએ પોતાના માતા સંજૂ દેવીને બીમાર અવસ્થામાં ઘરમાં બંધ કરી બહારથી તાળા મારીને કુંભમાં પત્ની, સાસુ, સસરા અને બાળકો સાથે સ્નાન કરવા નીકળી ગયો. જાણકારી અનુસાર બુધવારે જ્યારે પાડોશીએ સંજૂ દેવીને અંદર રડતા જોયા તો તેમના પરિવારને સૂચના આપી.

### UCC બાદ ઉત્તરાખંડનો વધુ એક મોટો નિર્ણય!

# હવે બહારના લોકો રાજ્યમાં નહીં ખરીદી શકે ખેતીલાયક જમીન

। (એજન્સી) દેહરાદૂન, તા.૨૦ ।

ઉત્તરાખંડમાં સતત વધતી જમીનની માંગ વચ્ચે પુષ્કર ધામી સરકારે મોટો નિર્ણય લીધો છે અને નવા જમીન કાયદાને મંજૂરી આપી દીધી છે. સંશોધિત ડ્રાફ્ટને વિધાનસભા સત્રમાં રજૂ કરવામાં આવશે, ત્યારબાદ રાજ્યના બહારના લોકો દેવભૂમિમાં ખેતી અને બાગાયત માટે જમીન નહીં ખરીદી શકે. ગત દાયકામાં આ રાજ્યમાં ખેતીની જમીનનો ઉપયોગ ખેતી સિવાયના અન્ય કામ માટે કરવામાં આવી રહ્યો હતો, ત્યારબાદ આ પ્રકારના કાયદાની માંગ ઊભી થઈ હતી. નવા કાયદાથી શું ફેરફાર થશે? વર્ષ ૨૦૧૮માં રાવત સરકારના બનાવવામાં આવેલાં જમીન કાયદાને રદ કરવામાં આવ્યો. રાજ્યના ૧૧ જિલ્લામાં બહારના લોકો ખેતી અને બગાયત માટે જમીન નહીં લઈ શકે, તેમાં હરિદ્વાર અને ઉદમ સિંહ નગરનો સમાવેશ કરાયો નથી. પર્વતીય વિસ્તારોમાં જમીન પર નવા સ્તરે વાત થશે. જિલ્લા મજિસ્ટ્રેટ જમીન ખરીદવા પર મહોર નહીં લગાવી શકે. જમીનના ખરીદ-વેચાણ માટે ઓનલાઈન પોર્ટલ તૈયાર કરવામાં આવશે જેથી ડેટા વ્યવસ્થિત રહે. પોર્ટલથી એ વિશે પણ જાણ થશે કે, ક્યાંય કોઈ ગડબડ તો નથી થઈ રહી. બહારના



લોકોએ જમીન ખરીદવા માટે એફિડેવિટ આપવું પડશે અને હેતું જણાવવો પડશે. જો કોઈ જમીનનો નિયમ તોડીને ખરીદ-વેચાણ કરવામાં આવશે તો સરકાર તેનો કબ્જો લઈ શકે છે. પર્વતીય વિસ્તાર હોવાના કારણે અહીં ખેતી એટલી સરળ નથી. અમુક જ એવા વિસ્તાર છે, જ્યાં પાક ઉગાડી શકય છે, તે પણ સીઢીદાર ટેક્નિક દ્વારા. એવામાં ફળદ્રુપ જમીન પર હોટેલ બનવાથી રાજ્ય પાસે પાકની કમી થવા લાગી છે. રાજ્ય બન્યું ત્યારે અહીં લગભગ ૭.૭૦ લાખ હેક્ટર જમીન ખેતી લાયક હતી અને બે દાયકામાં આ ઘટીને ૫.૬૮ લાખ હેક્ટર રહી ગઈ છે. અનેક ગોટાળા પણ થયાં છે. જેમ કે, ટિહરીમાં ખેડૂતોને મળતી જમીન પર લેન્ડ માફિયાએ ગેરકાયદે રૂપે હોટેલ અને રિઝોર્ટ બનાવી દીધા છે. જંગલોમાં પણ આ ધંધો શરૂ થઈ ગયો છે. અલગ રાજ્ય બન્યા બાદ સ્થાનિક લોકોનો વિરોધ જમીન પર દેખાવા લાગ્યો હતો. બહારના રોકાણકારો ઓછી કિંમતે અથવા ગોટાળો કરીને સ્થાનિક લોકોની જમીન હડપી લેતાં. ખેતીલાયક જમીન પર કોમર્શિયલ પ્રોજેક્ટ શરૂ થઈ ગયાં. સ્થાનિક લોકો પાસે ખેતીવાડી તો છીનવાઈ ગઈ ઉપરથી બહારથી સસ્તા મજૂર વર્ગ માટે પોતાના લોકોને લાવીને કામ આપવા લાગ્યાં. જેનાથી સ્થાનિકોમાં રોષ ભભુક્યો હતો. ઉત્તરાખંડના લોકોની આશંકા છે કે, આ જ સ્થિતિ રહી તો તેમના જ રાજ્યમાં તેમની સંખ્યા ઘટી જશે. હકીકતમાં અહીં છેલ્લાં થોડા વર્ષોમાં જ બહારના રાજ્યોમાંથી આવતી વસ્તીમાં ચોંકાવનારો વધારો થયો છે.


### ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ મોટો ખુલાસો કર્યો

# ઈજા પછી ડર હતો કે આંતરરાષ્ટ્રીય કારકિર્દી સમાપ્ત થશે : ફાસ્ટ બોલર

**૧૪ મહિના સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી દૂર રહ્યા બાદ ટીમ ઈન્ડિયામાં વાપસી કરનાર ક્રિકેટરનો મોટો ખુલાસો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારતના સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ મોટો ખુલાસો કર્યો છે કે, પગની ઘૂંટીની ઈજા પછી, એવી ક્ષણો આવી હતી જ્યારે તેને ડર હતો કે તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દી સમાપ્ત થઈ જશે. પરંતુ દેશ માટે રમવાની તેની અતૂટ ઈચ્છાએ તેને ફરીથી આગળ વધવાની પ્રેરણા આપી. મોહમ્મદ શમીને નવેમ્બર ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયા સામેની વર્લ્ડ કપ ફાઈનલ દરમિયાન પગની ઘૂંટીમાં ઈજા થઈ હતી, જેના માટે સર્જરીની જરૂર હતી. મોહમ્મદ શમીના ડાબા ઘૂંટણમાં સોજાને કારણે વસ્તુઓ વધુ જટિલ બની ગઈ હતી અને તેને ૧૪ મહિના સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી દૂર રહેવું પડ્યું હતું. મોહમ્મદ શમીએ આઈસીસીને કહ્યું કે, વર્લ્ડકપ દરમિયાન મારા શાનદાર ફોર્મ પછી, મારે અચાનક મને ઓપરેશન ટેબલ





પર જોવું પડ્યું. તે શાનદાર ફોર્મ પછી ઈજાગ્રસ્ત થવું ખરેખર ખૂબ મુશ્કેલ સમય હતો. પહેલા બે મહિનામાં મને ઘણી વાર શંકા હતી કે, હું ફરીથી રમી શકીશ કે નહીં. કારણ કે આવી ઈજા અને ૧૪ મહિના સુધી રમતમાંથી બહાર રહેવાથી તમારું મનોબળ તૂટી શકે છે. જો કે, મોહમ્મદ શમીએ આ મહિનાની શરૂઆતમાં ઈંગ્લેન્ડ સામે બે ૨૦ અને વધુ ODI મેચ રમીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સફળ વાપસી કરી છે. હવે જસપ્રીત બુમરાહની ઈજાને કારણે તે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય બોલિંગનો લીડર છે. મોહમ્મદ શમીએ કહ્યું કે, ડોક્ટરને મારો પહેલો સવાલ એ હતો કે, મને મેદાન પર પાછા ફરવામાં કેટલો સમય લાગશે. ડોક્ટરે મને કહ્યું કે, તેમની પ્રથમ પ્રાથમિકતા મને ચાલવા, પછી જોગિંગ અને પછી દોડવાની છે. સ્પર્ધાત્મક ક્રિકેટ રમવું હજી ઘણું દૂર છે. એક સક્રિય ખેલાડીથી ક્રેચ પર નિર્ભર રહેવા દરમિયાન શમી માટે માનસિક રીતે શમી માટે પડકારજનક હતી. મોહમ્મદ શમીએ કહ્યું કે, હું હંમેશા એ જ વિચારતો હતો કે હું ક્યારે મારા પગ જમીન પર રાખી શકીશ. મારા મનમાં અનેક પ્રકારના વિચારો આવતા હતા. ૬૦ દિવસ પછી જ્યારે મને મારા પગ જમીન પર મૂકવા માટે કહેવામાં આવ્યું તો તમે મારા પર વિશ્વાસ નહીં કરો.

### ભારત સામેની હાઈવોલ્ટેજ મેચ પહેલા પાકિસ્તાનને ઝટકો

# સ્ટાર બેટ્સમેન ફખર ઝમાન હાઈવોલ્ટેજ મેચમાંથી બહાર

। (એજન્સી) દુબઈ, તા.૨૦ ।

ભારત સામેની હાઈવોલ્ટેજ મેચ પહેલા પાકિસ્તાનને મોટો ઝટકો લાગ્યો છે. સ્ટાર બેટ્સમેન ફખર ઝમાન ૨૩ ફેબ્રુઆરીએ દુબઈમાં ભારત સામે રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફીની હાઈવોલ્ટેજ મેચમાંથી બહાર થઈ ગયો છે. આ મેચ માટે તે પાકિસ્તાન ટીમ સાથે દુબઈ પણ નહીં જશે. ફખર ઝમાન ચેમ્પિયન ટ્રોફીની પહેલી મેચમાં ન્યુઝીલેન્ડ વિરુદ્ધ ફીલ્ડિંગ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. ઈનિંગની પહેલી ઓવરના બીજા બોલ પર તે ઘાયલ થયો હતો અને મેદાનની બહાર નીકળી ગયો હતો. તે ૧૩મી ઓવરમાં ફિલ્ડિંગ કરવા આવ્યો, પરંતુ બે ઓવર પછી મેદાનની બહાર ચાલ્યો ગયો હતો. ત્યારબાદ જ્યારે પાકિસ્તાન બેટિંગ કરવા આવ્યું ત્યારે પણ તે ઓપનિંગ નહોતો કરી શક્યો અને સઈદ શકીલને બાબર આઝમ સાથે ઓપનિંગ કરવી પડી. ફખર પાકિસ્તાનનો વિસ્ફોટક બેટ્સમેન હતો અને હવે તે નહીં રમશે તો પાકિસ્તાનની ટીમ પર વધુ દબાવ આવશે. જ્યારે ફખર આઉટ થયો ત્યારે પાકિસ્તાનની લય બગડી ગઈ અને ટીમ ૬૦ રનથી મેચ હારી ગઈ. ન્યુઝીલેન્ડ સામે કારમી



હાર બાદ ટીમને હવે ફખર ઝમાનને લઈને મોટો ઝટકો લાગ્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં પોતાની આશા જીવંત રાખવા માટે પાકિસ્તાનને કોઈપણ કિંમતે ભારત સામે જીતવાની જરૂર છે પરંતુ હવે ફખર આ હાઈવોલ્ટેજ મેચમાંથી બહાર થઈ ગયો છે. એટલું જ નહીં તે આખી ટુર્નામેન્ટમાંથી બહાર થઈ શકે તેવી આશંકા સેવાઈ રહી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના એક સૂત્રએ જણાવ્યું કે, ફખર ઝમાન ટીમ સાથે દુબઈ જશે નહીં. ICC ટૂંક સમયમાં આગળની જાહેરાત કરશે. તેની ઈજા અંગે ICC સત્તાવાર જાહેરાત કરશે કે તે મેચમાંથી બહાર છે કે નહીં.



નવી દિલ્હીમાં મધ્યપ્રદેશના નાયબ મુખ્યમંત્રી રાજેન્દ્ર શુક્લાએ કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી.

# દેશના ૧૪ રાજ્યોમાં પડી શકે છે વરસાદ : હવામાન વિભાગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।


દેશના ૧૪ રાજ્યોમાં આગામી ત્રણ દિવસ દરમ્યાન વરસાદનો રાઉન્ડ જોવા મળી શકે છે. દિલ્હીમાં આજે વરસાદ પણ થઈ રહ્યો છે. હવામાન વિભાગ અનુસાર, કેટલાય રાજ્યોમાં ગર્જના સાથે હળવાથી મધ્યમ સ્તરનો વરસાદ થઈ શકે છે. અમુક વિસ્તારમાં કરા પણ પડી શકે છે. તો વળી ભારે હવાઓ પણ ચાલવાની સંભાવનાઓ છે. હવામાન વિભાગ તરફથી આપવામાં આવેલી જાણકારી અનુસાર, આગામી ૨૪ કલાક દરમ્યાન દેશના કેટલાય રાજ્યોમાં હળવાથી મધ્યમ સ્તરનો વરસાદ થવાની સંભાવના છે. અમુક જગ્યા પર તો ભારે વરસાદ પણ થઈ શકે છે. તેની સાથે જ કેટલીય જગ્યા પર કરા પણ પડી શકે છે. ૨૦,૨૨ અને ૨૩ ફેબ્રુઆરીના રોજ બિહાર અને ગંગાના તટીય પશ્ચિમ બંગાળમાં ભારે હવાઓની સાથે તોફાન, વીજળીની સાથએ મધ્યમ વર્ષાની સંભાવના છે. આ ઉપરાંત ઝારખંડ, ઓડિશા, પંજાબ, હરિયાણા, ચંડીગઢમાં ભારે પવન સાથે વીજળી અને છુટકથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. ૨૦ તારીખથી ઉત્તર પ્રદેશમાં હળવો વરસાદ પણ થઈ શકે છે.

### અખિલેશનો કટાક્ષ

# ભાજપના નેતાઓને સંગમનું પાણી મોકલવું જોઈએ : સમાજવાદી પાર્ટી

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૦ ।

સમાજવાદી પાર્ટીને યોગી સરકારનું બજેટ પસંદ ન આવ્યું. બજેટ પર ટિપ્પણી કરતા અખિલેશ યાદવે કહ્યું કે આ ભાજપનું સેકેન્ડ લાસ્ટ બજેટ હતું, ત્યારબાદ છેલ્લું બજેટ હશે અને અમારી સરકાર સત્તામાં આવશે. અખિલેશે કહ્યું કે જો આપણે તેમના અનેક બજેટ પર નજર નાખીએ તો તે તેમના મેનિફેસ્ટો સાથે મેળ નથી ખાતા. આ બજેટ વિઝન વગર આવ્યું છે, બજેટમાં કોઈ સ્પષ્ટતા નથી. સરકારનો કોઈ રોડમેપ નક્કી નહોતો કે ઉત્તર પ્રદેશને કઈ દિશામાં લઈ જવાનું છે. બીજી તરફ સીએમ યોગી દ્વારા સંગમના પાણીને શુદ્ધ બતાવવા પર અખિલેશ યાદવે કટાક્ષ કરતા કહ્યું કે, ભાજપના તમામ નેતાઓને સંગમનું પાણી મોકલવું જોઈએ. તેમણે તેનાથી જ સ્નાન કરો, જમવાનું બનાવો અને એ જ પાણી પીવો. આ પાણી વિધાનસભામાં પણ રાખી દેવું જોઈએ અને તેમને પીવડાવવું જોઈએ. આખરે સીએમને તો ખબર જ નથી કે આ બેક્ટેરિયા ક્યાંથી આવે છે. સમાજવાદી પાર્ટીના ચીફે



આગળ કહ્યું કે, દર વખતે બજેટ આવે છે અને સરકાર કહે છે કે આ યુપીનું સૌથી મોટું બજેટ છે. દરેક બજેટ પાછલા બજેટ કરતા મોટું હશે. આ વખતે તે બજેટ નથી પણ એક મોટો ઢોલ છે જેનો અવાજ તો મોટો છે પણ અંદરથી ખાલી છે. આખું બજેટ ખોખલું છે. આ બજેટનો ઝોલો ખાલી છે. જનતાને લાગે છે કે બજેટ હજુ આવ્યું જ નથી. તે પૂછી રહી છે કે પ્રવચન તો આવી ગયું પણ બજેટ ક્યારે આવશે. અખિલેશ યાદવે કહ્યું કે, આ પહેલી આવી સરકાર છે જે ઉર્દૂનો વિરોધ ઉર્દૂમાં જ કરી રહી હતી. તેમણે ભાષણમાં ઘણી વખત ઉર્દૂ શબ્દનો પ્રયોગ કર્યો છે જેમ કે, બદનામ, બખ્શા નહીં જાયેગા, મોત, હાદસા, જાન, હસીન, અગર, બાદ વગેરે. કોઈ જણાવશો કે રેલનું હિન્દી શું થાય, ગૈરનું હિન્દી શું થાય છે. ક્રિકેટ, સ્ટેશન, ઈન્ટરનેટ અને મેટ્રો જેવા શબ્દોનું હિન્દી શું થાય છે. પાર્ટી ઓફિસમાં આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં બોલતા અખિલેશ યાદવે આગળ કહ્યું કે, આ બજેટને જોઈને ખેડૂતોની આશાના ખેતર સૂકાઈ ગયા છે. મહિલાઓની ચિંતા વધી ગઈ છે કે ઘર કેવી રીતે ચલાવીશું. આ બજેટમાં સામાન્ય જનતા માટે કંઈ નથી. લોકો કહી રહ્યા છે કે, સરકારનું પ્રવચન તો થઈ ગયું છે હવે બજેટ ક્યારે આવશે. અખિલેશ યાદવે આગળ કહ્યું કે, યુપીનું બજેટ જોઈને તમામ મંત્રીઓ અને ધારાસભ્યો પણ નિરાશ છે કારણ કે, આ બજેટમાં તેમના માટે અને તેમના વિભાગ માટે કંઈ નથી. અંતે જનતાને મોઢું તો તેમણે જ બતાવવાનું છે, તો તેઓ કેવી રીતે તેમની સામે જશે. ભાજપે આ બજેટમાં પણ પોતાના સંકલ્પ પત્રના વાયદા પૂરા ન કર્યા, તેમનું નવમું બજેટ પણ ફેલ રહ્યું. આ વર્ષ બાદ સરકાર પોતાનું છેલ્લું બજેટ રજૂ કરશે અને ત્યારબાદ નવી સરકાર સત્તામાં આવશે.

### દારુના નશામાં પોલીસકર્મી માન મર્યાદા ભૂલ્યા

# પોલીસકર્મીએ જાહેરમાં મહિલા સાથે કરી અશ્લીલ હરકત

। (એજન્સી) લખનૌ, તા. ૨૦ ।

ઉત્તર પ્રદેશમાં એક દારુડીયા પોલીસ કર્મીએ ફરી એક વાર જાહેરમાં મહિલા સાથે કરી અશ્લીલ હરકત કરીને વરદીની ગરિમાને કલંક લગાવ્યું છે. આ કિસ્સો કાસગંજનો છે. જ્યાં એક પોલીસકર્મીએ ખાખી વરદીને દાગ લગાવ્યો છે. પોલીસના એક કર્મીએ દારુના નશામાં ધૂત થઈને બસ સ્ટોપ પર ઉભેલી મહિલા સાથે ગંદી હરકત કરી તે બીજુ કોઈ નહી પણ તેની પત્ની હતી. જે તેની પત્ની સાથે અશ્લીલ હરકતો કરતા જોવા મળ્યા હતા. કહેવાય છે કે, આ પોલીસકર્મી પોલીસ લાઈનમાં તૈનાત છે. હાલમાં એસપીએ આ પોલીસકર્મીને સસ્પેન્ડ કરી દીધા છે. અને વિભાગીય તપાસ શરુ કરી દીધી છે. મહિલા સાથે અશ્લીલ હરકત કરનારા પોલીસકર્મી કાસગંજની પોલીસ લાઈનમાં તૈનાત છે. વાયરલ વીડિયોમાં આરોપી પોલીસકર્મી ઓફિસના ગેટ પાસે આવેલા બસ સ્ટોપ પર બેઠેલા જોઈ શકાય છે. દારુના નશામાં ધૂત પોલીસકર્મી પત્ની સાથે બળજબરીપૂર્વક અશ્લીલ હરકત કરી રહ્યો છે અને પત્ની તેનાથી છૂટવાનો પ્રયાસ કરી રહી છે. મહિલા સાથે ગંદી હરકત વાળા વાયરલ વીડિયોમાં એવું પણ જોઈ શકાય છે કે પોલીસકર્મીએ પોતાની ટોપી પણ સંભાળી શકતા નથી અને બસ સ્ટોપ પાછળ તેની ટોપી પડેલી દેખાય છે. પોલીસકર્મીની પત્ની ટોપી ઉઠાવે છે અને વીડિયો બનાવનારા વ્યક્તિને કંઈ પણ રેકોર્ડ ન કરવા માટે કહે છે. વીડિયોમાં પોલીસકર્મી દારુના નશામાં હોવાની વાત પણ સ્વીકારે છે અને વીડિયો બનાવનારા વ્યક્તિને કહે છે કે, તે કોઈની સાથે ગેરવર્તન કરી રહ્યો નથી, તો પછી દારુ પીવામાં શું વાંધો છે? જ્યારે તેને કહેવામાં આવે છે કે વરદીમાં તેણે દારુ કેમ પીધો તો તે અભદ્ર શબ્દો બોલવા લાગે છે. મહિલાઓ સાથે આવુ થયું હોય તેવો આઆ કોઈ પહેલો કિસ્સો નથી. જ્યારે પોલીસની વરદીને આવું લાંછન લાગ્યું હોય. આ અગાઉ પણ ઘણી વાર જોવા મળ્યું છે કે, દારુના નશામાં ધૂત પોલીસકર્મી ડ્રામા કરતા હોય. કહેવાય છે કે, આરોપી કોન્સ્ટેબલના લગ્ન થોડા દિવસ પહેલા જ થયા છે. તે પોતાની પત્ની સાથે ક્યાંક જવા માટે આવ્યો હતો અને બસ સ્ટોપ પર બેઠેલી પત્નીને દારુના નશામાં અશ્લીલ હરકત કરવા લાગ્યો હતો. તે સમયે કોઈએ તેનો વીડિયો ઉતારી લીધો. હાલમાં એસપીએ આ પોલીસકર્મીને સસ્પેન્ડ કરી દીધા છે. અને વિભાગીય તપાસ શરુ કરી દીધી છે

# થરા શ્રી વિનય વિદ્યા મંદિર ખાતે નિવૃત્તિ વિદાય અને ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થી ઓનો દિક્ષાન્ત સમારોહ યોજાયો


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૦ ।

કાંકરેજ આંજણા કેળવણી મંડળ થરા સંચાલિત શ્રી વિનય વિદ્યા મંદિર થરાના વરિષ્ઠ શિક્ષક ઈશ્વરભાઈ બી. બોકાનો વય નિવૃત્તિ વિદાય સન્માન અને ધોરણ ૧૦ અને ૧૨ (સામાન્ય વિજ્ઞાન)ના વિદ્યાર્થીઓનો દિક્ષાન્ત સમારોહ કાંકરેજ આંજણા કેળવણી મંડળ થરાના પ્રમુખ અણદાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો.



સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે કેળવણીકાર શિક્ષણવિદ ડૉ. હેમરાજભાઈ પટેલ ડૉ. ભરતભાઈ પટેલ રહયા હતા. અતિથિ વિશેષ તરીકે કરશનભાઈ પટેલ, માનસુંગભાઈ પટેલ, ભેમાભાઈ ચૌધરી, વિરભાણભાઈ ચૌધરી, યશપાલસિંહ ટી. વાઘેલા, અનુભા વાઘેલા, શંકરભાઈ પટેલ, રીયાબેન પટેલ, બી.ડી. પટેલ, એમ.વી.પટેલ એમ.ડી.પટેલ, નાથાભાઈ પટેલ, નરેશભાઈ પટેલ, ભગીરથભાઈ પટેલ ગોવિંદભાઈ ચૌધરી તથા જુદી જુદી શાળાઓના આચાર્યો ની વિશેષ ઉપસ્થિતી રહી શુભકામના પાઠવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય હરેશભાઈ પટેલે સ્વાગત પ્રવચન તથા ભરતભાઈ લીંબાચિયાએ કાર્યક્રમનુ સંચાલન કર્યુ હતું.

# ઝાલોદ કોલેજમાં મ્યુઝિકલ મોર્નિંગ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી. કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ અને શ્રીમતી જે. કે. દેસાઈ બી.એડ. કોલેજનો મ્યુઝિકલ મોર્નિંગ કાર્યક્રમ કાર્યકારી આચાર્ય ડૉ. એ.આર. મોદીના માર્ગદર્શન હેઠળ યોજાયો. તેમાં કૉલેજના ૨૮ વિદ્યાર્થીઓ દ્વારા સુમધુર કંઠે વિવિધ ગીતો ગાવામાં આવ્યાં હતાં. દાહોદથી ઉપસ્થિત ઉભરતા સિતારા સમાન મેધાબેન અને ઓર્કેસ્ટ્રાવાદક નારાયણભાઈ તથા તેમની ટીમે આ કાર્યક્રમને શોભાવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. યોગેશ ઝાલા અને ડૉ. અનિતા પાદરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે ડૉ. દિલીપ યાદવ, સંજય દાસ અને ડૉ. રવિપ્રકાશ મેર દ્વારા નિર્ણાયક ભૂમિકા ભજવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બી. એડ કોલેજના નૈયા શર્મિષ્ઠાબેનનો પ્રથમ, અને ડુમી પાયલનો દ્વિતીય નંબર આવ્યો હતો. તેમજ બી.એ. બી.કોમ કોલેજના સોલંકી ખુશીબેનનો પ્રથમ, વસૈયા પ્રેરણાનો દ્વિતીય અને ડુમી રાજકુમારનો ત્રીજો નંબર આવ્યો હતો. તેમજ નિનામા રિયાને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યું હતું. કોલેજ પરિવારે વિજેતા બનેલા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ સ્પર્ધામાં કોલેજના વિદ્યાર્થિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઝાલોદ ભીલ પ્રદેશ વિદ્યાર્થી મોચો દ્વારા નર્સની ભરતી અંગે થયેલ ગેરરીતિ માટે આવેદનપત્ર આપી તપાસની માંગ કરાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

તારીખ ૦૯-૦૨-૨૦૨૫ ના રોજ ગુજરાત સરકારના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા લેવામાં આવેલ સ્ટાફ નર્સની થયેલ પરીક્ષાની ગેરરીતિ માટે તપાસ માટે મૌખિક રીતે ધ્યાન દોરવા જણાવેલ હતું. સ્ટાફ નર્સની પરીક્ષા માટે તનતોડ મહેનત કરી આસરે ૫૦૦૦૦ વિદ્યાર્થીઓ દ્વારા પોતાના ખર્ચે ગયેલ હતા પરંતુ આ પરીક્ષા લેવાની જવાબદારી જીટીયુ (સરકારી એજન્સી) દ્વારા ગેરરીતિ આચરવામાં આવેલ છે.

આ પરીક્ષા આપતા સમયે પરીક્ષા પેપરમા બારકોડનો અભાવ, ઘણા વિદ્યાર્થીઓ સ્માર્ટ વોચ તેમજ મોબાઈલ લઈને બેસેલ હતા જે ગંભીર બેદરકારી છે. વધુમાં નર્સીંગ સ્ટાફમા ગુજરાત સરકારમાં નોકરી કરતા વનરાજ ચૌહાણ દ્વારા વોટ્સઅપ ગ્રૂપમાં ખુલ્લેઆમ પોતે પેપર કાઢયું તેવું કહેતા હતા. ગુજરાતના મહેનતુ વિદ્યાર્થીઓને અન્યાય થયેલ હોવાથી આવા નર્સીંગ સ્ટાફમા ફરજ બજાવતા કડક કાયદાકીય તપાસ કરવા માંગ કરવામાં આવી છે તેમજ વધુમાં આ અંગે સીઆઈડી ક્રાઈમ દ્વારા તપાસ કરાય તેમાટે ભીલ પ્રદેશ વિદ્યાર્થી મોર્ચા દ્વારા મામલતદાર કચેરી એ આવેદન પત્ર આપી તટસ્થતા થી ન્યાયની દિશામાં તપાસ થાય તે માટે માંગ કરવામાં આવી છે.

# ઝાલોદ આઈ.ટી.આઈ પાસે ફોર વ્હીલર ગાડીનું ટાયર ફાટતા બે બાઇકને અડફેટે લીધી : બે વ્યક્તિ ઇજાગ્રસ્ત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

જાણવા મળેલ સૂત્રો મુજબ તારીખ ૧૯-૦૨-૨૦૨૫ ના રોજ સાંજે સાત વાગે એક અનોખો અકસ્માત સર્જાયો હતો. એક ફોર વ્હીલર ગાડી જે દાહોદ રોડ તરફ જઈ રહેલ હતી તે ગાડીનું ટાયર ફાટતા ડ્રાઈવરે સ્ટેરીંગ પર કાબુ ગુમાવતા આગળ જતી ટૂ વ્હીકલ બાઈક ચાલકને અડફેટ લીધી હતી તે ટુ વ્હીલર ચાલક બાઈક પર થી ફંગોળાતા તે પાસે થી પસાર થતી જતી બીજી બાઈક પર પાછળ બેઠેલ વ્યક્તિ સાથે અથડાયેલ હતો. તેથી અલગ અલગ બાઈક પર બેસેલ બે વ્યક્તિને ઈજાઓ થતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે ઝાલોદ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ હતા. જાણવા મળેલ મુજબ બંને ઈજાગ્રસ્ત


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

વ્યક્તિની હાલત સારી છે પણ એક વ્યક્તિને વધુ સારવાર માટે દાહોદ લઈ જવામાં આવેલ હતો. આ અકસ્માત સર્જનાર ફોર વ્હીકલ ગાડી ચાલક ગાડી લઈને ફરાર થયા હોવાનું માલુમ પડેલ છે. આ અકસ્માત ખરેખર કેવી રીતે સર્જાયો તેની સાચી હકીકત પોલિસ તપાસ બાદ જ માલુમ પડશે.

# ઝાલોદ નગરપાલિકા ભાજપ પૂર્ણ બહુમતી થી જીતતા જીતેલ ઉમેદવારો ભૂગર્ભમાં

## અપક્ષ લડીને જીતેલ અમુક ઉમેદવારો પણ ગાયબ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

ઝાલોદ નગરપાલિકામા ભાજપને પૂર્ણ બહુમતી મળેલ છે. સત્તા મેળવવા તેમજ પ્રમુખ બનવા માટે નગરમાં અલગ અલગ નામોની ચર્ચાએ પણ જોર પકડયું છે. પ્રમુખ બનવાના કાવાદાવા કરનાર ઉમેદવારો તેમજ અમુક અપક્ષના ઉમેદવારો હાલ કોઈ અજ્ઞાત સ્થળે જતા રહેલ છે. ભાજપની પૂર્ણ બહુમતી હોવા છતાંય અલગ અલગ વોર્ડ વિસ્તાર માંથી જીતેલા ઉમેદવારો સાથે પ્રમુખ બનવા માટે ઉમેદવારો સંપર્ક કરી જીતેલા ઉમેદવારોને મનાવી રહેલ છે. પ્રમુખ બનવાની હોડમા હાલ નગરજનોમા ચાલતી ચર્ચા મુજબ બે થી ત્રણ જણા કાવાદાવા કરી રહેલ છે. ભાજપ મોવડી મંડળ પણ હાલ ઉમેદવારો સાથે ખાનગી રાહે મીટિંગ કરી એક વ્યક્તિને સર્વ સંમતિ થી પ્રમુખ બનાવવા મથામણ કરી રહેલ છે. પણ હાલ નગરમાં રોજ નવી નવી વાતો અને અફવાઓએ પણ જોર પકડયું છે કે મોવડી મંડળની વાતો માન્યા વગર અપક્ષના સહારે જો સત્તા રચાશે તો ભવિષ્યમાં ભાજપ પર કોઈ મતદાતાઓ વિશ્વાસ નહીં કરે. ઝાલોદ નગરમાં આસરે બે દાયકા બાદ ભાજપને પૂર્ણ બહુમતી પ્રથમવાર મળેલ છે જો ફરીવાર અપક્ષના સહકારથી જો ભાજપ નગર પાલિકામા રાજ કરશે તો નગરના મતદારોનો વિશ્વાસ ભાજપ પર થી ઉઠી જશે અને મતદારો સાથે જો વિશ્વાસઘાત થશે ફરી ભાજપ કે નગરની નેતાગીરી પર કોઈ પણ મતદાતા વિશ્વાસ નહીં કરે.ભાજપની પૂર્ણ બહુમતી હોવા છતાંય જો અપક્ષ ઉમેદવારોનો સહકાર લેશે તો નગરનું ભાજપનુ સંગઠન તૂટી જશે. હાલ જો અને તો પર વાત અટવાયેલ છે અને આવનાર નગરપાલિકાનું બોર્ડ કેવું બેસસે તેના પર નગરજનો નજર રાખી રહેલ છે. આ વિષયને લઈ હાલ નગરમાં ચારેકોર અલગ અલગ ચર્ચાઓએ જોર પકડેલ છે.

# ઝાલોદ પોલિસ સ્ટેશન ખાતે સત્તાના દુરઉપયોગ બદલ અરજી આપી કાર્યવાહી કરવા માંગ કરાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

ઝાલોદ પોલિસ સ્ટેશન ખાતે ભાભોર કલ્પેશભાઈ (પાવટી ફળિયું, ઘાવડીયા) દ્વારા એક લેખિત અરજી આપવામાં આવેલ છે તેમની લેખિત અરજી મુજબ ૧૯-૦૨-૨૦૨૫ ના રોજ રાત્રિના ૯ વાગ્યાની આસપાસ તેઓ ઘરે હતા તે દરમિયાન પાંચ પોલિસ કર્મીઓ ઘરે આવી કંટ્રોલ રૂમમાં તમારી ફરિયાદ છે તેમ કહી ઝાલોદ પોલિસ સ્ટેશન ખાતે જવાબ આપી પરત આવી જજો તેમ જણાવ્યું હતું.

અરજદાર કલ્પેશભાઈ એ હું બાઈક લઈ પાછળ આવું તેમ કહેતાં ઉપસ્થિત કર્મીઓએ ના કીધું હતું તેમજ જો વાત નહી માનો તો હાથ પકડી ગાડીમાં લઈ જઈશું તેમ કર્મીઓએ કહ્યું હતું. ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે પહોંચતા જેલની અંદર કલ્પેશભાઈ ને મૂકી દેવામાં આવેલ હતા તેમજ તેઓ દ્વારા પી.આઈ સાથે વાત કરવાની કહેતા તેઓ દ્વારા કોઈ જોડે વાત પણ કરવા દીધી ન હતી. ૨૦-૦૨-૨૦૨૫ ના રોજ સવારે ૯ વાગે કલ્પેશભાઈના પરિવારજનો પોલિસ સ્ટેશન આવી વાતની ખરાઈ કરતા જેણે ફરિયાદ



કરી છે તે વ્યક્તિ ગાંધીનગર જણાઈ આવેલ છે. પોલિસ કર્મીઓ દ્વારા સત્તાનો દુરુપયોગ કરી માનસિક અને શારીરિક ત્રાસ આપવાની કબૂલાત કલ્પેશભાઈ દ્વારા કરવામાં આવેલ છે. આ સમગ્ર ઘટનાની જાણ ઝાલોદ પોલીસ મથકના પી.આઈ ને ખબર ન હતી તેમજ તેઓને ખબર પડતાં નોકરી કરતા કર્મીઓની ભૂલ થઈ છે તેમ કહ્યું હતું. પરંતુ આ બાબતે ન્યાય મેળવવા માટે કલ્પેશભાઈ દ્વારા કોઈના કહેવા કે પ્રલોભન થી કોઈ ધાક ધમકી હેઠળ આવી કાર્યવાહી કરવામાં આવી છે કે શું તે અંગે તટસ્થ રીતે કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરી સાચી દિશામાં કાર્યવાહી કરવા માટે લેખિત અરજી દ્વારા માંગ કરવામાં આવેલ છે.

# ઝાલોદ તાલુકાના ચૂંટણી ઇન્ચાર્જ પંકજ અગ્રવાલની સફળ કામગીરીથી ભાજપ સોળે કળાએ ખીલી ઉઠયું

## નગરજનોના અનુમાન મુજબ દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે તેમની નિયુક્તિ થવાની સંભાવના

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

ઝાલોદ નગરમાં હાલ નગરપાલિકાની ચૂંટણી યોજાઈ આ ચૂંટણીમાં દાહોદ જિલ્લાના સહયોગ તેમજ ધારાસભ્ય મહેશ ભૂરીયાના સૂચન મુજબ ઝાલોદ નગરપાલિકાની ચૂંટણી સંદર્ભે પંકજ અગ્રવાલને મુખ્ય ભૂમિકા આપવામાં આવી હતી. આ સમગ્ર ચૂંટણીના મુખ્ય ઈન્ચાર્જ પંકજ અગ્રવાલ દ્વારા ઝાલોદ નગરપાલિકામા પૂર્ણ બહુમતી થી નગરપાલિકાનું બોર્ડ બેસાડવા માટે દાહોદ જિલ્લા સાંસદ તેમજ ધારાસભ્ય મહેશ ભૂરીયાને નગરમાં યોજાતી સભાઓમાં નગરજનો વતી વચન આપ્યું હતું કે ઝાલોદ નગરમાં આ વખતે પૂર્ણ બહુમતી થી ભાજપ બોર્ડ બેસાડશે.

ઝાલોદ નગરમાં દાહોદ જિલ્લા પ્રમુખ શંકર અમલીયાર, દાહોદ જિલ્લા સાંસદ જસવંતસિંહ ભાભોર તેમજ ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા અલગ અલગ વોર્ડ વિસ્તારમાં અંદાજીત નવ જેટલી સભાઓ તેમજ એક બાઈક રેલી યોજી હતી જે દરેક ક્ષેત્રે ભાજપની સફળતા થઈ તે રીતે નગરજનો જોઈ રહેલ છે. ઝાલોદ ધારાસભ્ય મહેશ ભૂરીયા લગાતાર નગરના ચૂંટણી સંયોજક


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

પંકજ અગ્રવાલ તેમજ નગર પ્રમુખ મયુર પંચાલ સાથે સંપર્કમાં રહી નગરની દરેક વ્યૂહાત્મક કામગીરી પર દેખરેખ રાખી રહેલ હતા. મહેશ ભૂરીયા દ્વારા નગરપાલિકા ચૂંટણી સંયોજક પંકજ અગ્રવાલ પર જે ચૂંટણી સંદર્ભે જવાબદારી સોંપેલ હતી તેમાં ખરા ઉતરેલા હતા.

ઝાલોદ નગરમાં ચૂંટણી સંદર્ભે ચાણક્યની ભૂમિકા રૂપે અનેક નાની નાની મીટિંગ કરી, કાર્યકર્તાઓનો પર્સનલ સંપર્ક કરી પંકજ અગ્રવાલની સફળતમ કામગીરી ને નગરજનો વધાવી રહેલ છે તેમજ આવા કુશળ નેતૃત્વ ધરાવનાર વ્યક્તિને દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે નગરજનો જોઈ રહેલ છે.

# ઝાલોદ નગરમાં છત્રપતિ શિવાજીના જન્મદિવસની ઉજવણી પ્રસંગે પુષ્પાંજલિનો કાર્યક્રમ હિન્દુ સમાજ દ્વારા યોજવામાં આવ્યો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।

છત્રપતિ શિવાજીનો જન્મ ૧૯ ફેબ્રુઆરી ૧૬૩૦ ના રોજ શિવનેરી કીલ્લામા (મહારાષ્ટ્ર) થયો હતો અને તેમનું અવસાન ૪ એપ્રિલ ૧૬૮૦ માં થયું હતું. ભારતના વિર સપુતોમા થી એક એવા હિન્દુ હ્રદય સમ્રાટ રાજા હતા. શિવાજીના વધતા પ્રતાપ થી આદિલ શાહ,અફજલ ખા તેમજ ઔરંગઝેબ જેવા મુઘલ રાજાઓમા ડર વ્યાપી ગયેલ હતો. ભારતમાં ખાસ તો મહારાષ્ટ્ર અને ગુજરાતમાં શિવાજીની વિર પુરુષ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

તરીકે ગણના થાય છે. શિવાજી મહારાજ ને સહુથી મહાન મરાઠા શાસક તરીકે તેમને ઓળખવામાં આવે છે. ઝાલોદ મીઠાચોક વિસ્તારમાં રાત્રીના સાત વાગે શિવાજી મહારાજના જન્મદિવસે હિન્દુ સમાજ દ્વારા નિમિતે પુષ્પાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તેમજ ફટાકડા ફોડી તેમના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. મહારાજા શિવાજીનું જીવન સહુ હિન્દુ યુવાનો માટે પ્રેરણાદાયી બની રહે તે માટે આ સુંદર પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં હિન્દુ સમાજના લોકો મોટા પ્રમાણમાં ભેગા થયેલ હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટૅન્શનનું કારણ બની શકે છે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે. જો તમારે તમારા પ્રેમ જીવનસાથી ને જીવનસાથી બનાવવો હોય તો તમે આજે તેમની સાથે વાત કરી શકો છો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. કોઈ ત્રીજી વ્યક્તિની દખલ તમારા અને તમારા પ્રિયપાત્ર વચ્ચે ઘર્ષણ પેદા કરશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમે જે કંઈ પણ કરશો તેમાં તમે ઊર્જાથી સભર રહેશો અને તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. રૉમેન્ટિક પ્રભાવ આજે ખૂબ જ પ્રબળ હોવાની શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**
આજે તમે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. આજે તમે કોઈકનું દિલ તૂટતા અટકાવશો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે મોતિયાના દરદીઓએ પ્રદૂષિત વાતાવરણ હોય તેવા સ્થળની મુલાકાત લેવાનું ટાળવું જોઈએ, કેમ કે ધુમાડાને કારણે આંખોને વધુ નુકસાન થઈ શકે છે. શક્ય હોય તો સૂર્યપ્રકાશ સાથે સંપર્ક પણ ટાળવો. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો તેમાં તમે આકર્ષણનું કેન્દ્ર હશો.

**તુલા (ર,ત) :**
આજે સંતોષી જીવન માટે તમે તમારી માનસિક દ્દઢતામાં વધારો કરો. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ છે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જણાય છે. આજે તમે પ્રેમના મૂડમા હશો-અને તમને એ માટે અસંખ્ય તકો પણ મળશે. નોકરી માટેના ઈન્ટરવ્યુમાં હાજર થવા અથવા તમારો બાયો-ડૅટા મોકલવા માટે સારો દિવસ.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમે કામની વચ્ચે આરામ લો અને શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપ વું જોઈએ? પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે. મહત્વના પ્રૉજેક્ટ સમય પર પૂરાં કરી તમે મહત્વના લાભ મેળવશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કારણ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પ ડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે સ્વાસ્થ્યને દરકારની જરૂર પડશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો. તેમને ફરિયાદ કરવાની કોઈ તક ન આપો.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમને જો એમ લાગતું હોય કે તમે વધુ પડતા તાણગ્રસ્ત થઈ ગયા છો , તો બાળકો સાથે વધુ સમય વિતાવ અને તેમનું ઉષ્માભર્યું આલિંગન અથવા તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફોમાંથી બહાર કાઢશે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશે જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે અને તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.



**નાણામંત્રી કનુ દેસાઇએ સતત ચોથી વખત બજેટ રજૂ કર્યું**

# નાણામંત્રી કનુભાઈ દેસાઈએ રજૂ કર્યું ૩,૭૦,૨૫૦ કરોડનું બજેટ

## ગુજરાતની રાજકોષીય ખાધ અને જાહેર દેવું રાષ્ટ્રીય સ્તરે ન્યૂનતમ પૈકી રાખવા સાથે ગુજરાતે સતત ઊંચો આર્થિક વિકાસ દર જાળવી રાખ્યો છે : રાજ્યના નાણામંત્રી



। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

વિધાનસભા સત્રનો આજે બીજો દિવસ હોત. ગુજરાત સરકારના નાણામંત્રી કનુભાઈ દેસાઈ ૨૦ ફેબ્રુઆરીના રોજ એટલે આજે વિધાનસભામાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કર્યુ છે. આજે નાણામંત્રી કનુ દેસાઈએ સતત ચોથી વખત બજેટ રજૂ કર્યુ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે માટે ૩,૭૦,૨૫૦.૩૫ કરોડનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે. આ સાથે પાછલા વર્ષની સરખામણીમાં ૩૭,૭૮૫ કરોડ જેટલું વધારે છે. બજેટના પ્રારંભમાં તેમણે જણાવ્યુ છે કે, વિશ્વની સૌથી ઝડપ થી વિકસતી અર્થવ્યવસ્થાના પ્રણેતા અને આત્મનિર્ભર ભારતના સ્વપ્નદ્રષ્ટા એવા ગુજરાતના પનોતાપુત્ર અને વિશ્વના સૌથી લોકપ્રિય નેતા માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ત્રીજી વાર ભારતનું સુકાન સંભાળવા બદલ માનનીય મુખ્યમંત્રી અને ગુજરાતની સમગ્ર જનતા વતી હું અભિનંદન પાઠવું છું. આ સાથે તેમણે વડાપ્રધાનના વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યને સાકાર કરવા માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકાર વિકસિત ગુજરાત ૨૦૪૭ની પરિકલ્પનાને સિદ્ધ કરવા કટિબદ્ધ છે. આ સાથે તેમણે મહિલા, ખેડૂત, યુવાન, ગરીબ, શ્રમિક તથા અન્ય અનેક ક્ષેત્રો અંગે મહત્ત્વની જાહેરાત કરી છે.

રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા વિધાનસભા ગૃહમાં રાજ્યનું વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કર્યું છે. રૂ.૩.૭૦ લાખ કરોડનું બજેટ રાજ્યની જનતા માટે અનેક યોજનાઓ અને લાભ લઈને આવ્યું છે. નાણામંત્રીએ મધ્યમવર્ગ, ખેડૂત, વિદ્યાર્થીઓ તેમજ મહિલાઓ અને બેરોજગાર યુવાવર્ગને ભેટ આપી છે. નાણામંત્રીએ બજેટ રજૂ કરતા ખેડૂતો માટે મહત્વની જાહેરાત કરી છે. જેમાં ખેડૂતોને દિવસે વીજળી આપવા માટે કિસાન સૂર્યોદય યોજનાનો અમલ, ૯૭ ટકા ગામોમાં દિવસે વીજળી મળી રહી છે, યોજનાને વધુ સુદ્રઢ કરવા માટે ૨૧૭૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે.

કનુભાઈએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સંવેદના સભર "પઢાઈ ભી, પોષણ ભી"ના ધ્યેયને સાકાર કરવા "મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના"ની ડિસેમ્બર-૨૦૨૪થી શરૂઆત કરવામાં આવેલ હોય જેમાં ૩૨,૨૭૭ શાળાઓના ૪૧ લાખ વિદ્યાર્થીઓને લાભ મળતા હોય જેના માટે આ બજેટમાં કુલ ૬૧૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

બાળકોના પોષણ અને વિકાસને સુદ્રઢ કરવા આંગણવાડીઓની ભૌતિક સુવિધામાં વધારો કરવા સરકારે નિર્ણય કર્યો છે. તેને વધુ કાર્યક્ષમ બનાવવા આંગણવાડી યોજના માટે ૨૭૪ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે.

શ્રમિકોને નજીવા દરે ભોજન મળી રહે તે હેતુથી "શ્રમિક અન્નપૂર્ણા યોજના" હેઠળ ૨૯૦ કેન્દ્રો કાર્યરત છે. જરૂરિયાત પ્રમાણે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વ્યાપ ઔદ્યોગિક વિસ્તારમાં અને બાંધકામ વિસ્તારમાં વધારવામાં આવશે. શ્રમિકોને કામના સ્થળની નજીક પાયાની સુવિધાઓ સાથે રહેઠાણની વ્યવસ્થા મળી રહે તે હેતુથી "મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના" માટે ૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ એમએસએમઈને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો છે. જેમાં MSME અને સ્ટાર્ટઅપની વિવિધ યોજનાઓ માટે ૩૬૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ છે. ટેક્સટાઈલ નીતિના કારણે ૫ લાખ લોકોને રોજગાર મળશે. વધુમાં ગુજરાત ટેક્સટાઈલ પોલિસી થકી વિવિધ સહાયો માટે બે હજાર કરોડ રૂપિયાની ફાળવણી

નાણામંત્રીએ દિવ્યાંગજનો માટે સંત સુખદાસ યોજનાની જાહેરાત કરી છે. જેમાં ૬૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા લોકોને આવરી લેવામાં આવશે. આ યોજના હેઠળ ૮૫ હજારથી વધુ દિવ્યાંગજનોને વાર્ષિક ૧૨ હજાર રૂપિયાની સહાય આપવાની જોગવાઈ છે.

નાણામંત્રીએ સરકારી આવસને વેગ આપવા પર ફોકસ કર્યું છે. ગુજરાતના ગરીબો માટે ત્રણ લાખ આવાસ બનાવવાની જાહેરાત કરી છે. શ્રમિક બસેરા યોજના હેઠળ રૂ. ૨૦૦ કરોડ ફાળવવાની જાહેરાત કરી છે. આવાસ ખરીદવા પર સરકાર ૧.૭૦ લાખ રૂપિયા સબસિડી આપશે.

ગુજરાતની શિક્ષણ પદ્ધતિ ૨૧મી સદીની આવશ્યકતાઓ અને વૈશ્વિક બજારની માંગ અનુસાર બદલાઈ રહી છે. ટેકનોલોજી, ઈનોવેશન અને કુશળતા વિકાસ દ્વારા વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત અગત્યનો ભાગ ભજવશે.મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના આશરે ૨૫ હજારથી વધુ વર્ગખંડોના માળખાગત સુધારણા માટે ૨૯૧૪ કરોડની જોગવાઈ.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત રાજ્યમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ૭૮૨ કરોડની જોગવાઈ. નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત અંદાજે ૨ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે ૨૫૦ કરોડની જોગવાઈ. એસ.ટી.નિગમની બસોમાં મુસાફરી કરતા વિદ્યાર્થીઓને બસ પાસ ફી કન્સેશન માટે ૨૨૩ કરોડની જોગવાઈ.

સરકારી પ્રાથમિક શાળાઓ, સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજીત ૨૨ હજાર કરતાં વધુ શિક્ષકોની ભરતી કરવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપ હેઠળ અંદાજે ૭૫ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે ૧૦૦ કરોડની જોગવાઈ.

મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ અંતર્ગત અંદાજે ૯૦ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે ૭૦ કરોડની જોગવાઈ.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY) અંતર્ગત અંદાજે ૭૮ હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા ૪૧૦ કરોડની જોગવાઈ.

એલ.ડી.ઈજનેરી કોલેજ-અમદાવાદ ખાતે ડેમોન્સ્ટ્રેટીવ આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ લેબ અને અન્ય છ સરકારી ટેકનિકલ સંસ્થાઓ ખાતે આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ લેબની સ્થાપના માટે ૧૭૫ કરોડની જોગવાઈ. મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના(CMSS) અંતર્ગત ૨૫૦૦ વિદ્યાર્થીઓને સહાય આપવા ૩૨ કરોડની જોગવાઈ.

વિદ્યાર્થીઓ ગ્રીન એનર્જી, સેમિકન્ડકટર, ફિનટેક, એરોસ્પેસ વગેરે વિષયોમાં કૌશલ્ય વિકાસ થકી આગામી સમયમાં ઉદ્ભવનાર તકનો લાભ મેળવી શકે તે હેતુથી ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (GIT) માટે ૧૦૦ કરોડની જોગવાઈ.

રાજ્યનો વિદ્યાર્થી વધુ તેજસ્વી, પ્રતિભાશાળી, જ્ઞાન સમૃદ્ધ અને સ્પર્ધાત્મક બને તે માટે ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ અંતર્ગત ૩૦ કરોડની જોગવાઈ.

અમદાવાદના i-Hubની તર્જ પર રાજ્યમાં ૦૪ પ્રાદેશિક કેન્દ્રોની સ્થાપનાનું આયોજન. i-Hub મારફતે સ્ટાર્ટઅપ્સ-ઈનોવેટર્સને નાણાકીય સહાય માટે ૨૫ કરોડની જોગવાઈ. શોધ યોજના અંતર્ગત પી.એચ.ડી. કોર્સમાં સંશોધન કરતાં વિદ્યાર્થીઓને આર્થિક સહાય માટે ૨૦ કરોડની જોગવાઈ.

NAAC અને NIRF રેન્કિંગમાં સારા પ્રદર્શન હેતુ પાંચ કાર્યરત સરકારી કોલેજોના વર્ગખંડોને સ્માર્ટ ક્લાસરૂમ બનાવવા માટે ૮ કરોડની જોગવાઈ.

રાજ્ય સરકાર વર્ષ ૨૦૩૦ સુધીમાં માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદરમાં ૫૦% ઘટાડાના ધ્યેય સાથે રાજ્યના તમામ લોકોની આરોગ્ય અને સુખાકારી વધુ મજબૂત બનાવવા કાર્યશીલ છે. જે માટે હું આ વિભાગના ૨૦,૧૦૦ કરોડના બજેટમાં ૧૬.૩૫%નો વધારો કરી ૨૩,૩૮૫ કરોડની જોગવાઈ સૂચવું છું.

વર્ષ ૨૦૨૩-૨૪ના નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ Good Health and Well Being (SDG Index No.3) માં ગુજરાતે દેશના તમામ રાજ્યોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ૭૦ વર્ષથી વધુ ઉંમરના વડીલો, ગરીબ અને મધ્યમ વર્ગના એમ કુલ મળી અંદાજે ૨ કરોડ ૬૭ લાખ લોકોને કેશલેસ સારવાર માટે ૩૬૭૬ કરોડની જોગવાઈ.

આરોગ્ય સુવિધાઓના સુદ્રઢીકરણ તેમજ બિનચેપી રોગો અને અન્ય જાહેર આરોગ્યની સમસ્યાઓના નિયંત્રણ હેતુ રાજ્ય સરકાર દ્વારા વર્લ્ડ બેંકના સહકારથી શરૂ કરાયેલ શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેક્ટ માટે ૪૦૦ કરોડની જોગવાઈ.

અમદાવાદની જેમ મેડીસિટી પ્રકારની ઝોનવાઈઝ સુવિધાઓ ઉપલબ્ધ બનાવવાના અમારા નિર્ધાર અન્વયે વડોદરા ખાતે મલ્ટી સ્પેશિયાલિટી તેમજ કાર્ડિયાક માટેની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ નિર્માણાધીન છે. તે ઉપરાંત સુરત ખાતે કાર્ડિયાક, કિડની અને યુરોલોજી સેવાઓ; રાજકોટ ખાતે કેન્સર અને કાર્ડિયાક સેવાઓ; ગાંધીનગર ખાતે કાર્ડિયાક, કિડની અને યુરોલોજી સેવાઓ શરૂ કરવા ૨૩૧ કરોડની જોગવાઈ. કેન્સરના દર્દીઓને ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ સુધી સારવાર લેવા ન આવવું પડે અને નજીકમાં સુવિધા ઉપલબ્ધ બને તે માટે વલસાડ, ગોધરા, હિંમતનગર અને પોરબંદર ખાતે સારવાર શરૂ કરવા ૧૯૮ કરોડની જોગવાઈ.

બી. જે. મેડીકલ કોલેજ-અમદાવાદ, મેડીકલ કોલેજ-વડોદરા અને એમ. પી. શાહ મેડીકલ કોલેજ-જામનગર ખાતે પી.જી.ના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલનું બાંધકામ કરવા ૧૩૭ કરોડની જોગવાઈ.

સરકારી મેડીકલ કોલેજો અને સંલગ્ન હોસ્પિટલો ખાતે નવા તબીબી સાધનો ઉપલબ્ધ કરાવવા માટે ૧૦૦ કરોડની જોગવાઈ. સરકારી મેડીકલ કોલેજો અને સંલગ્ન હોસ્પિટલો ખાતે તાત્કાલિક સારવારની સેવાઓ સુદ્રઢ કરવા ૫૨ કરોડની જોગવાઈ.

આદિજાતિ અને સામાન્ય વિસ્તારના સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે સાધન સામગ્રી પૂરી પાડવા માટે ૫૨ કરોડની જોગવાઈ.

એમ્બ્યુલન્સની સુવિધા સુદ્રઢ બનાવવા માટે ૧૦૮ ઈમરજન્સી સેવા હેઠળ ૨૦૦ નવી એમ્બ્યુલન્સ માટે ૪૮ કરોડની જોગવાઈ.

સુરત અને વડોદરા ખાતે ગાયનેક, પિડીયાટ્રીક વિભાગ અને સંલગ્ન નિયોનેટલ આઈ.સી.યુ., ઓબ્સ્ટેટ્રિક આઈ. સી. યુ., ગાયનેક આઈ. સી. યુ. વગેરેની સેવાઓ તથા પિડીયાટ્રીક સર્જરી વિભાગ શરૂ કરવા માટે ૪૪ કરોડની જોગવાઈ.

નર્સિંગ કોલેજ, સુરત અને જામનગર ખાતે વિદ્યાર્થીનીઓ માટે ગર્લ્સ હોસ્ટેલનું બાંધકામ કરવા ૪૧ કરોડની જોગવાઈ.

## પ્રધાનમંત્રી આવાસ યોજનાથી સપના સાકાર થયા : સીએમ

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૫-૨૬ના વર્ષના ગુજરાતના બજેટને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં "વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણનું"-ની પ્રતિબદ્ધતા દર્શાવતું બજેટ ગણાવ્યું છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભા ગૃહમાં પ્રસ્તુત કરેલા આ બજેટને તેમણે વડાપ્રધાનના વિકસિત ભારતના વિઝનને આયોજનબદ્ધ રીતે પ્રજા કલ્યાણ યોજનાઓથી અમલમાં મૂકવાનો આલેખ ગણાવ્યું છે. આ માટે રૂ. ૫૦ હજાર કરોડના પ્રાવધાન સાથે વિકસિત ગુજરાત ફંડની સ્થાપનાને તેમણે મહત્વપૂર્ણ ગણાવી છે. રાજ્યના અત્યાર સુધીના ઇતિહાસનું સૌથી મોટા કદના એટલે કે રૂ.૩.૭૦ લાખ કરોડના આ બજેટમાં કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તૂલનાએ ૨૧.૮% નો વધારો એ વિકાસ માટેની પ્રતિબદ્ધતા છે એમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, પ્રગતિ અને ઉન્નતિના નિત નવા આયામો સર કરતા ગુજરાતના સૌ નાગરિકોના જીવનને સુગમ્ય, સમૃદ્ધ અને સંતોષપ્રદ બનાવવાનો સફળ પ્રયાસ આ બજેટમાં થયો છે. અત્યાર સુધીમાં વિકાસની રાહ પર જ્યાં ગુજરાત છે તેનાથી વધુ ગતિએ ક્વોન્ટમ જમ્પ સાથે આગળ વધવાનું પ્રતિબિંબ આ બજેટમાં ઝિલાતું હોવાનો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવીટી માટે આ બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓને આવકારતા જણાવ્યું હતું કે, વિકસિત ગુજરાત માટે છ રિજીયોનલ ઇકોનોમિક પ્લાન તૈયાર કરવામાં આવશે. સુરત રિજન, અમદાવાદ રિજન, વડોદરા રિજન, રાજકોટ રિજન, સૌરાષ્ટ્ર કોસ્ટલ રિજન અને કચ્છ રિજન એમ કુલ છ ગ્રોથ હબ બનાવવાનું આ બજેટમાં પ્રાવધાન છે. મુખ્યમંત્રીએ સમગ્ર રાજ્યમાં વ્યાપક વર્લ્ડ ક્લાસ રોડ નેટવર્કનું માળખું સ્થપાય તે માટે આ બજેટમાં કામોના આયોજનની ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે, વિકસિત ગુજરાતની દિશાને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને ૧૨ નવા હાઈસ્પીડ કોરિડોર વિકસાવવામાં આવશે. નમોશક્તિ એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રી વિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔદ્યોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે. એટલું જ નહિ, સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વેને અમદાવાદ, રાજકોટ અને દ્વારકા, સોમનાથ, પોરબંદર સાથે જોડવાના પ્રાવધાન અંગે જણાવ્યું હતું કે આ માર્ગોના વિકાસથી દ્વારકા અને સોમનાથ જતા પ્રવાસીઓને વધુ સરળ કનેક્ટિવીટી મળશે.**

## Gujarat Budget 2025 Highlights

**ગુજરાત વિધાનસભામાં રાજ્યનું વર્ષ ૨૦૨૫-૨૬નું ૩ લાખ ૭૦ હજાર ૨૫૦ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. નાણામંત્રી કનુ દેસાઇએ સામાન્ય બજેટમાં ઘર વિહોણા લોકો માટે મોટી જાહેરાત કરી હતી. આવાસ યોજનાની સહાયમાં ૫૦ હજાર રૂપિયાનો વધારો કરાયો હતો. પહેલા આવાસ યોજના માટે ૧.૨૦ લાખ રૂપિયાની સહાય અપાતી હતી. હવે આવાસ યોજના માટે ૧.૭૦ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. તેમણે કહ્યું હતું કે ઘરનું ઘરનું સ્વપ્ન સાકાર કરવા ૩ લાખ આવાસ પૂરા પાડવાનું આયોજન છે. બજેટમાં પોષણલક્ષી યોજના માટે ૮,૨૦૦ કરોડ રૂપિયા, મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના માટે ૨૦૦ કરોડ, ITIને અપગ્રેડ કરવા માટે ૪૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. તે સિવાય ૧૦ જિલ્લામાં ૨૦ સ્થળે નવી સમરસ કુમાર અને કન્યા છાત્રાલય બનાવવામાં આવશે. ૮૧ લાખ લાભાર્થીઓને શિષ્યવૃતિ આપવા ૪૮૨૭ કરોડ રૂપિયાની ફાળવણી કરાઇ હતી. મેન્યુફેકચરિંગ પાર્ક અને ટેક્સટાઈલ નીતિથી પાંચ લાખ રોજગારીનું સર્જન કરવામાં આવશે. તે સિવાય SC-ST-OBCને અભ્યાસ માટે ૬ ટકા વ્યાજે લોન આપવાની પણ જોગવાઇ કરાઇ હતી. મહાનગરોમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવામાં આવશે. વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ મળતી લોન અને સબસિડીની રકમમાં વધારો કરાયો હતો.**

**જાણો બજેટમાં શું કરાઇ મોટી જાહેરાતો?**

- પોષણલક્ષી યોજના માટે ૮,૨૦૦ કરોડ રૂપિયાની ફાળવણી
- મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના માટે ૨૦૦ કરોડની ફાળવણી
- ITIને અપગ્રેડ કરવા માટે ૪૫૦ કરોડની જોગવાઈ
- આંગણવાડી યોજના માટે ૨૭૪ કરોડ રૂપિયા
- શ્રમિક બસેરા યોજના માટે ૨૦૦ કરોડ રૂપિયા
- ચાર રીજીયનમાં I-HUB સ્થાપવાનું આયોજન
- રાજ્યની ૬ એન્જિનિયરીંગ કોલેજમાં AI લેબની સ્થાપના
- SC-ST-OBCને અભ્યાસ માટે ૬ ટકા વ્યાજે લોન
- એલડી સહિત ૬ કોલેજોમાં AI લેબ સ્થપાશે
- મહાનગરોમાં વર્કિંગ વુમન હોસ્ટેલ
- રાજ્યમાં બે નવા એક્સપ્રેસ-વેની જાહેરાત
- અંબાજીના વિકાસ માટે ૧૮૦ કરોડ રૂપિયા
- ઉદ્યોગ અને ખાણ માટે ૮,૯૫૮ કરોડ રૂપિયા
- કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે ૨૨,૪૯૮ કરોડ રૂપિયા
- સામાન્ય વહિવટ વિભાગ માટે ૧,૯૯૯ કરોડ રૂપિયા
- મહેસુલ વિભાગ માટે ૫,૪૨૭ કરોડ રૂપિયા
- ગૃહ વિભાગ માટે ૧૨,૬૫૯ કરોડ રૂપિયા
- કાયદા વિભાગ માટે ૨,૬૫૪ કરોડ રૂપિયા
- માહિતી અને પ્રસારણ વિભાગ માટે ૩૬૨ કરોડ રૂપિયા
- ઉર્જા અન પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે ૬,૭૫૧ કરોડ રૂપિયા
- વન અને પર્યાવણ વિભાગ માટે ૩,૧૪૦ કરોડ રૂપિયા
- કલાઈમેન્ટ ચેન્જ માટે ૪૨૯ કરોડ રૂપિયા
- પંચાયત, ગ્રામગૃહ નિર્માણ માટે ૧૩,૭૭૨ કરોડ રૂપિયા
- બંદરો અને વાહન વિભાગ માટે ૪,૨૮૩ કરોડ રૂપિયા
- વિદ્યા અને પ્રોદ્યોગીકી વિભાગ માટે ૨,૫૩૫ કરોડ રૂપિયા
- ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે ૧૧,૭૦૬ કરોડ રૂપિયા
- પ્રવાસન યાત્રાધામ માટે ૨,૭૪૮ કરોડ રૂપિયા
- મધ્યાહન ભોજન માટે ૭૨ તાલુકામાં સેન્ટ્રલાઇઝ્ડ કિચન
- મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના માટે ૨૦૦ કરોડની ફાળવણી
- ખેડૂતોને વીજ સહાય માટે ૧૦ હજાર ૬૧૩ કરોડની જોગવાઈ
- ટ્રેક્ટર ખરીદી સહાય માટે ૮૦૦ કરોડની જોગવાઈ
- ઓજારોની ખરીદીમાં સહાય આપવા ૫૯૦ કરોડની જોગવાઈ
- ડ્રોન અને સીડ રિપ્લેસમેન્ટ રેટ યોજના માટે ૮૨ કરોડની જોગવાઈ
- નેનો ખાતર વપરાશ વધારવા ૭૩ કરોડની જોગવાઈ
- ડિજિટલ ક્રોપ સર્વેની નવી યોજના અંતર્ગત ૪૦ કરોડની જોગવાઈ
- ખેડૂત સુવિધા રથ માટે ૧૯ કરોડની જોગવાઈ
- ૧૩ એગ્રી એક્સપોર્ટ ઝોનનો પ્રી-ફિઝીબિલિટી રીપોર્ટ તૈયાર કરવા આયોજન
- કચ્છ, અમદાવાદ, જુનાગઢ, વડોદરા, હાલોલમાં મેગા ફૂટ પાર્ક નિર્માણ કરાશે
- બાગાયત ખાતાની યોજના માટે ૬૦૫ કરોડની ફાળવણી
- જામનગરમાં નવી કૃષિ કોલેજ અને થરાદમાં કૃષિ ઈજનેરી કોલેજની સ્થાપના થશે
- કૃષિ યુનિવર્સિટીઓ માટે ૧ હજાર કરોડની જોગવાઈ
- પ્રાકૃતિક કૃષિની પ્રવૃતિઓ માટે ૩૧૬ કરોડની જોગવાઈ
- નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ માટે ૯૦ કરોડની જોગવાઈ
- મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજના માટે ૪૭૫ કરોડની જોગવાઈ
- મુખ્યમંત્રી નિશુલ્ક પશુ સારવાર યોજના હેઠળ ૪૫ કરોડની જોગવાઈ
- નવા ૨૫૦ સ્થાયી પશુ દવાખાના અને નવા ૧૫૦ ફરતા પશુ દવાખાના માટે ૩૪ કરોડની જોગવાઈ
- ગીર ગાયના સંરક્ષણ માટે પોરબંદરના ધરમપુરમાં સુવિધા માટે ૨૩ કરોડની જોગવાઈ
- ૬૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવનારને વાર્ષિક ૧૨ હજારની સહાય
- આદિજાતિના સર્વાંગ વિકાસ માટે ન્યૂ ગુજરાત પેટર્ન યોજના
- આંગણવાડી યોજના માટે રૂ. ૨૭૪ કરોડની ફાળવણી
- પઢાઈ ભી પોષણ ભી યોજના માટે ૬૧૭ કરોડની જોગવાઈ
- પોષણલક્ષી યોજના માટે રૂ. ૮૨૦૦ કરોડની ફાળવણી
- ઘરનું ઘર સ્વપન સાકાર કરવા ૩ લાખ આવાસ પૂરા પાડવાનું આયોજન
- નવા ઘરની ખરીદી પર રૂ. ૧.૭૦ લાખની સબસિડી
- પેન્સનરોની ઘર આંગણે જ હયાતીની ખરાઈ કરી શકાશે
- એલડી સહિત ૬ કોલેજોમાં છૈં લેબ સ્થપાશે
- ૪૧ લાખ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી પોષ્ટિક અલ્પાહાર યોજનાનો લાભ
- મુખ્યમંત્રી પોષ્ટિક અલ્પાહાર યોજના માટે ૬૧૭ કરોડ રૂપિયાની જોગવાઈ
- શિક્ષણ વિભાગ માટે ૫૯ હજાર ૯૯૯ કરોડની જોગવાઈ
- શ્રમ-કૌશલ્ય અને રોજગાર વિભાગ માટે ૨,૭૮૨ કરોડની જોગવાઈ
- આરોગ્ય અને પરિવહન-કલ્યાણ વિભાગ માટે ૨૩,૩૮૫ કરોડની જોગવાઈ
- સામાજિક ન્યાય, અધિકારીતા વિભાગ માટે ૬,૮૦૭ કરોડની જોગવાઈ
- મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે ૭,૬૬૮ કરોડની જોગવાઈ
- અન્ન-નાગરિક અને ગ્રાહકોની બાબતોના વિભાગ માટે ૨,૭૧૨ કરોડની જોગવાઈ
- રમત-ગમત, યુવા-સાંસ્કૃતિક પ્રવૃતિના વિભાગ માટે ૧,૦૯૩ કરોડની જોગવાઈ
- માર્ગ-મકાન વિભાગ માટે ૨૪,૭૦૫ કરોડ રૂપિયાની જોગવાઈ
- આદિજાતિ વિકાસ માટે ૫,૧૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ
- શહેરી-ગૃહ નિર્માણ વિભાગ માટે ૩૦,૩૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ
- પંચાયત-ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે ૧૩,૭૭૨ કરોડ રૂપિયા
- નર્મદા, જળસંપતિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ માટે ૨૫,૬૪૨ કરોડ રૂપિયા
- ભાડભૂત બેરેજ યોજના માટે ૮૭૬ કરોડ રૂપિયાની જોગવાઈ
- ૧૪૫૦ ડિલક્સ અને ૪૫૦ મીડી બસ એમ કુલ ૧૮૫૦ નવી બસ
- ૨૦૦ પ્રીમિયમ એસી બસો અને ૧૦ કાર વાન મુકાશે
- એસટી બસના અકસ્માત નિવારવા માટે ઓડિયો-વીડિયો એલર્ટ સિસ્ટમ ગોઠવાશે
- નવલખી અને મગદલ્લા બંદર માટે ૨૫૦ કરોડ રૂપિયા
- યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન માટે ૨,૭૪૮ કરોડ રૂપિયા

ગુજરાત સરકાર

# વિઝન વિકસિત ગુજરાતનું
# મિશન જનકલ્યાણનું



વિઝન વિકસિત ગુજરાતનું
ગુજરાત બજેટ 2025-26
મિશન જનકલ્યાણનું

## ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ
## ₹3 લાખ 70 હજાર 250 કરોડ

રાજ્યના અત્યાર સુધીના ઇતિહાસનું સૌથી મોટા કદના એટલે કે **₹3.70 લાખ કરોડના આ બજેટમાં** કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તુલનાએ 22.9% નો વધારો

આગામી પાંચ વર્ષમાં ગુજરાતને વિકાસની નવી ગતિ પ્રદાન કરવા **₹50 હજાર કરોડની જોગવાઇ ધરાવતા 'વિકસિત ગુજરાત ફંડ'ની સ્થાપના**

**સુરતની જેમ રાજ્યમાં અન્ય પાંચ રિજીયોનલ ગ્રોથ હબ બનાવાશે**

જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સૌરાષ્ટ્ર કોસ્ટલ અને કચ્છનો સમાવેશ થાય છે

**વિકસિત ગુજરાતને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને 12 હાઈ સ્પીડ કોરિડોર વિકસાવાશે**

નમોશક્તિ એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રી વિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔધોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે.

સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વેને અમદાવાદ, રાજકોટ અને દ્વારકા, સોમનાથ, પોરબંદર સાથે જોડવાથી દ્વારકા અને સોમનાથ જતા પ્રવાસીઓને વધુ સરળ  એર કનેક્ટિવિટી મળશે.

**ઇઝ ઓફ લિવિંગ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટેના મહત્વપૂર્ણ નિર્ણયો**

માનનીય વડાપ્રધાનશ્રીની "ગ્રીન ગ્રોથ"ની સંકલ્પનાને સાકાર કરવા અને પર્યાવરણની જાળવણી માટે ઇલેક્ટ્રીક વાહનો પર હાલમાં 6% સુધી અંદાજિત વાહન વેરો અમલમાં છે, તેમાં સંપૂર્ણપણે ઇલેક્ટ્રીક બેટરીથી સંચાલિત વાહનો પર 1 વર્ષ માટે 5% સુધી રીબેટ આપી અસરકારક 1% લેખે વેરાનો દર રાખવાનો નિર્ણય

ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના મંત્રને લક્ષ્યમાં રાખી સ્ટેમ્પ ડ્યુટીના દરોમાં રાહત અને સરળીકરણનો નિર્ણય

- રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા **અંબાજી કોરિડોર અને ધરોઈ ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ**નો વિકાસ કરાશે.
- 2025ના સમગ્ર વર્ષને **શહેરી વિકાસ વર્ષ** તરીકે ઉજવવામાં આવશે. શહેરી વિકાસના બજેટમાં 40%નો વધારો કરીને ₹30 હજાર કરોડથી વધુની ફાળવણી
- ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા રાજ્ય સરકારે **પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ),** ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના તેમજ હળપતિ આવાસ જેવી યોજનાઓની સહાયમાં **₹50 હજારનો વધારો કરીને ₹1.70 લાખ કરવામાં આવી.**
- અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટમાં વસવાટ કરતાં **વનબંધુઓના વિકાસ માટે ₹30 હજાર કરોડની** ફાળવણી.
- **મત્સ્ય ઉત્પાદન વૃદ્ધિ અને રોજગારમાં વધારો કરવા માટે ₹1622 કરોડના ખર્ચે** માછીમારો માટે માળખાકીય સુવિધાઓનો વિકાસ, સ્ટોરેજ, પ્રોસેસિંગ અને એક્સપોર્ટ માટે સુવિધા ઊભી કરાશે.
- કૃષિ યાંત્રિકીકરણ થકી ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે **₹1500 કરોડથી વધુની સહાય**
- યુવાશક્તિ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના આ યુગમાં વિશ્વ સાથે કદમ મિલાવી શકે તે માટે સાત ટેક્નિકલ સંસ્થાઓમાં **AI લેબ** અને સ્ટાર્ટઅપ માટે અનુકૂળ ઇકોસિસ્ટમ ઊભી કરીને સ્ટાર્ટઅપને વેગ આપવા **ચાર રિજિયનમાં i-Hubની** સ્થાપના કરાશે.
- નારીશક્તિના **સશક્તિકરણ અને આત્મનિર્ભરતા માટે** નવી મહત્ત્વપૂર્ણ યોજના **'સખી સાહસ યોજના'** નો આરંભ કરાશે.  સ્વ-સહાય જૂથની બહેનોને આ યોજનામાં સાધન સહાય, લોન ગેરંટી વગેરે માટે રાજ્ય સરકાર મદદરૂપ થશે.
- ઉજ્જવળ આવતીકાલ સમા **બાળકોના પોષણ માટે ગત વર્ષના બજેટ કરતાં 25 ટકાનો વધારો** કરીને ₹8200 કરોડની ફાળવણી.
- જનતા જૂથ અકસ્માત વીમા યોજનામાં આપવામાં આવતા વીમા સુરક્ષા કવચ ₹50 હજારથી ₹2 લાખ હતું, જેમાં વધારો કરીને **₹2 લાખથી ₹4 લાખ કરવામાં આવી**
- વહીવટી સુધારણા ક્ષેત્રે ગુજરાતનું ઐતિહાસિક કદમ, રાજ્ય સરકાર કરશે **ગુજરાત વહીવટી સુધારણા પંચની** રચના.

"

આ બજેટમાં GYAN એટલે કે ગરીબ, યુવાન, અન્નદાતા અને નારીશક્તિના વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. જેથી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'વિકસિત ભારત@2047'ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત પોતાનું મહત્વનું યોગદાન આપી શકે.

**શ્રી કનુભાઈ દેસાઇ, માનનીય નાણામંત્રી, ગુજરાત**